ડાકોરના રણછોડજી મહારાજનો ગરબો.

"અલબેલીરે અંબે માત, જોવાને જઈએ." એ રાગ.

છોગાલા છબીલા છેલ, રણછોડ રંગીલા;
કરી બોડાણાપર મેહેર, હો મોરલીવાળા. ટેક.
અકળકળા અલબેલા તારી, પાર ન પામે શેશરે;
વેદ વીસારી વીસ્મે પામ્યા, સમજાયો નહી લેશ. રણછોડ. ૧
મહા મોટમ મહારાજ તમારી, મુખથી કેમ કહેવાયરે;
સમુદ્રમાથી ચાંચ ભરે જેમ, પક્ષીની તરૂપા જાય. રણછોડ.૨
મંદગતી મહારાજ મારી, મલીન તારૂ મનરે,
શરણે રાખો રાખો શામળીઆ, મને જાણી તમારો જન.રણછોડ.૩
દ્વારકાના વાશી રાય, રણછોડ તમારૂં નામરે;
ઘણી દયા ગુજરાત ઊપર કરી, આવ્યા ડાકોર ગામ. રણછોડ. ૪
બોડાણાની ભક્તિ ભાવી, સુંદરજી ભલી તમનેરે;
અકળાકળીઆ ધરણીધર, દુલભછો આગમ નીગમ. રણછોડ. ૫
ધન બોડાણા ધીરજ તારી, ધન ધન તારી માતરે;
પાતળીઓ પોતાના કીધા, હેતે લીધા હાથ. રણછોડ. ૬
શીતેર વરશે શેવા કરીને, શામળીઓ સમજાવ્યોરે;
ડાકોરથી તો દ્વારકાં માહે, વરશે બે ત્રણ ફેરી ખાવા.રણછોડ. ૭
કરમાં તુળશી વાવીને, જઈ ચતુરભુજને ચડાવીરે;
પ્રભુજી તો પ્રસન્ન થયાને, દીલમાં દયા આવી રણછોડ. ૮
અલબેલા બોલ્યા એમ, મુખથી બોડાણાની સાથરે,
એકાંતે આવીને કહ્યું, તે કોઈ ન જાણે વાત. રણછોડ. ૯
દીવસ તેં મારે કાજે, મોટું કષ્ટજ કીધુંરે;

બપુ તારૂ વૃધ થયુ, તે જોઈ મારૂં મન બીપું. રણુછોડ. ૧૦
તે માટે હું તારી સાથે, આવું તારે ગામરે;
તારે ચરણે નથી ચલાતું, તે માટે તજવું ધામ. રણુછોડ. ૧૧
કહ્યું મારૂં માની કાલે, જાતુ ડાકોર ગામરે;
વેહેલ લાવ તું વાત ન ફુટે, મનમાં રાખી હામ. રણુછોડ ૧૨
બોડાણો કહે બાપજી, હુ વેહેલ ક્યાંથી લાવુંરે;
મારે ઘેર તો નથી મહારાજ, કેમ કરીને આવું રણુછોડ. ૧૩
મોહનજી કહે માગી લાવો, જેવી તેવી વેહેલરે;
જાત જોવાનું કામ નથી, બે જોડી લાવો બેલ. રણુછોડ. ૧૪
બોડાણાને વચનજ આપી, વિદાય કીધો વળતીરે;
વનમાળી કહે તારે મારે, વાત આવી છે મળતી. રણુછોડ. ૧૫
વારૂ કહીને વીઠલજીને, ચરણે પડયો કરજોડરે;
લજા મારી લટકાળા, તમો રાખજો શ્રીરણછોડ. રણુછોડ. ૧૬
અતી આતુરતા અંગમાં, ને આવ્યો ડાકોર ગામરે;
પડોશીને પેરે કહી, મારે તમ સરખું છે કામ. રણુછોડ. ૧૭
ઉપકાર માનું તમ તણો જે, આપો બળદને વેહેલરે;
જાવું દ્વારકાં છેલો ફેરો, તીકમજીની ટેલ. રણુછોડ. ૧૮
પુરવાશી પાડોશી કહે ભાઈ, જેવી તેવી મળશેરે;
જેમ તેમ કરીને જોડી લાઇ ભાગ્ય તારૂં ફળશે, રણુછોડ. ૧૯
એવું સાંભળી ઊઠયો પોતે, વારૂ કહી વેહેલ જોડીરે;
વેલા કરતાં વનમાળીના મંદર પાછળ છોડી, રણુછોડ. ૨૦
ગુજળી સઊકો હસવા લાગ્યા, કઉતક સરખી વાતરે;
બોડાણો તો આણે આવ્યા, લેઈ જવાને નાથ. રણુછોડ. ૨૧
વેહેલને બે બળદ જોતાં, હશે છે મુખ મોડરે;

અરે ભાઇ ભુતળમાં ના મળે, આવી બીજી જોડ; રણુછોડ. ૨૨
બોટાણો કહે હસો ભાઈઓ,હસવા સરખી વાતરે;
ઈસ્વરઈચ્છા કોઈ ના જાણે, કેવું થશે પ્રભાંત. રણુછોડ. ૨૩
સંધ્યા થઇને શેન કરાવ્યું, રણુછોડજીને રંગ ભેરરે;
અરધી રાતે ઉઠયા પોતેપ્રિતમે કરી પેર. રણુછોડ. ૨૪
તાળાં તોડયા ભુગલ ભાગી. આવ્યામંદીર બાહારરે;
બોડાણાની પાસે આવી પ્રેમે કર્યો પોકાર. રણુછોડ. ૨૫
જાગ જાગ તું ઝટપટ કરીને, વીઠલ કેહે વેહેલ જોડરે;
બોડાણો ઝબકીને જાગ્યો, દીઠા શ્રી રણુછોડ. રણુછોડ. ૨૬
ગદ ગદ કંઠે ગળગળું બોલે, થરથર ધ્રુંજે અંગરે;
ગોવીદજી હવે શી ગત થાશે, તમો રાખજો રંગ. રણુછોડ. ૨૮
બળદ તો બેસે ને ઊઠે, ચાલે નહી લગારરે;
પ્રાતસમે તો પકડસે મુને, મારશે બહુ માર. રણુછોડ. ૨૮
જગજીવન કહે જેમ તેમ કરીતું, ઝાંપાસુધી કહાડરે;
હાંકીશ હું પછી હેત કરીને, માનીશ તારો પાડ. રણુછોડ, ૨૯
જેમ તેમ કરતાં ઝાંપા સુધી, પાછલી રાતે પેહોચ્યારે,
રાશ પરણો પોતે લીધો, બોડાણો માંહે સુતા. રણુછોડ. ૩
વેગે વેહેલ ઉડાડી પોતે, અંત્રીક્ષથી અલબેલેરે;
ઉમેરેઠને ડાકોરની વચ્ચે, આણીને તે મેલે. રણુછોડ. ૩૧
બોડાણાને કહે જગજીન, જાગી જોનેવાટરે;
પ્રાત. થયો ઉઠ આળસમેલી, જો આવ્યો કાંઇ ઘાટ. રણુછો. ૩૨
આંખ ઉઘાડી ઊંચુ જોયુ, બોડાણે તેણીવારરે;
સામળીયા સીમાડો મારા, ગામ તણો નીરધાર. રણુછોડ. ૩૩
અલબેલો ઉતરીયા હેઠે, લીંબ તળે લટકાળોરે;

વસરામ કીધો વાલાજીએ, થંભીને થાક ટાળો. રણછોડ- ૩૪
લીંબડાનું લટકાળા તમે, એક ડાળ કીધું મીઠુંરે,
કર અડકાડી કડવાસ કહાડી, તે સઊએ નજરે દીઠું. રણ. ૩૬
પાતળીએ ત્યાં પગલાં પાડયાં, પોતાના સાક્ષાતરે;
અધાપી એધાંણી તેની સરવ જાણે વાત. રણછોડ. ૩૭
એમ કહી અલબેલો આવ્યા, ડડગડ ડાકોર ગામરે;
બોડાણા પ્રતે એમજ બોલ્યા, મને રહેવાને કરહામ. રણ. ૩૭
ધરણીધર કહે ધામ તજ્યુ મેં. તે સઉકોએ જાણ્યું રે;
મંદીરમાં મુજને નહી દેખે, જ્યારે વાસે વહાણું. રણછોડ. ૩૮
ધસમસ કરતા ધાઈ આવશે, ગુગળીઓ ઘરવાળારે;
સામળીયો કહે મુજને સંતાડી, તું ઝાલી બેશને માળા. રણ. ૩૯
ગોમતીમાં ગોવંદજી પુઠા, વાવ્યમાં વનમાળી રે;
ગાળો દેતા ગુગળી આવ્યા, ઘોડે દીવસે ચાલી. રણછોડ. ૪૦
બોડાણાને બાંધી લાવો, ગુગળી એમજ બોલ્યારે;
બોડાણો ગોરસ લેઇ મળવા, ગયા સહુના પેહેલા. રણછોડ. ૪૧
આવતામાં આંખ ચડાવી, ગુગળીએ વીકાળરે;
ચોર તું કેમ ચોરી લાવ્યો, ભુદરજી ભુપાળ. રણછોડ. ૪૨
બોલ બોલ કહી બરછી મારી. મુરછાગત તે પડીયોરે;
અંગીકાર કરી અલબેલો, હજીએ દીસે ખોડો. રણછોડ. ૪૩
ગોમતીમાં રૂધીર થયું, તે જાહેર જગ મોઝારરે;
એ એધાણે અલબેલાજી, સોધી કાહ્યા નીર બાહાર, રણ. ૪૪
બે વચનો ત્યાં બળવંત બોલ્યા, હું હવે નહી ત્યાં આવુંરે;
મુજ બરાબર સોનુ લઈને, કરો તમે મન ભાવ્યું. રણ. ૪૫
લાલચમાં લપટાયા સરવે, લોભમાં લેવાયારે;

સરકાર સરવે પંચ મળીને, તાંસ તીરે લાવ્યારે. રણછોડ. ૪૬
સામાસામી લખ્યું લઈને બોડાણો એમ બોલ્યોરે;
એકાંતે અલબેલા સાથે, પ્રીતે પડદો ખોલ્યો. રણછોડ. ૪૭
મહારાજા મુજ પાસ નથી,વાલ કેરી વીંટીરે;
સોનું જોઈએ શામ બરાબર, ચીતમાં ચીંતા પેઠી. રણછોડ. ૪૮
ગોવીંદજી કહે ઘેર જઈને, ગંગાબાઈને પુછોરે;
સવા વાલની વાળીછે, લાવો કયાં તમે ધુજો રણછોડ. ૪૯
ઘેર આવીને ગંગાબાઇને; વાત કહી વીસ્તારીરે
વાળી લઈ વનમાળી તેડે ગોવીંદની ગત્ય ન્યારી.રણછોડ. ૫૦
તરત લઈને તીરેઆવ્યા, વાળી રાખી પાસરે;
લજ્જા રાખજો લટકાળા, હું ચરણ કપળની દાસ. રણ.૫૧
વડની ડાળે ત્રાસ બાંધયાં,ત્રીકમજીને તોળ્યારે;
વાળી નમીને વાલમ કસ્યા, પછી જે જે સૌકો બોલ્યા રણ. ૫૨
ઝાખા થઈને જગજીવનને, ગુગળાં ગાળો દે છે રે;
કાળા તુજમાં કપટ ભરયુ છે, જુઠ ઝાજેરી રહે છે. રણ. ૫૩
બાળપણે તેં મામો માર્યો, મથુરાં નગરી માંયરે;
આજ લગી અમને અથડાયા, હવે જઈએ કયાંય. રણ. ૫૪
પ્રભુ કહે પાછા ફરો, જાઓ દ્વારકાં મોજારરે;
સ્વરૂપ મારૂં સેવંત્રીમાં છે, તે કાહાડજો બાહાર. રણ. ૫૫
નીરાશ થઇ નીસાસો મુકી, ગુગળી ઘેર પધાર્યારે;
સેવંત્રીમાં જઈને જોયુ, પ્રભુ ત્યાતો સધારયા. રણ. ૫૬
સંવત બારને બારમાં, પ્રભુ બાકી કશી ન રાખીરે;
દયા કરીને ડાકોરમાં આવ્યા. તે સરવે પુરે સાખી. રણ. ૫૭
વરસ પાંચસે અગનોતરા સુધી, અલબેલે એમ કીધુંરે;
યાં લગી તો ગોમતી તીરે, સઉને દરશણ દીધું. રણ. ૫૮

અભેસંગ એક રાજા આવ્યો, મારવાડથી મોટોરે;
પીલાજી શું પરપંચજ કીધો, મનમાં મેલ છે ખોટો. રણ. ૫૯
તેણે મન માન્યુ મોહનજીનું, મંદીર તો આદરવુંરે;
જગજીવનને જોગ મેળવવો, પરમેસ્વરનું કરવું. રણ. ૬૦
કારજ કીધું જાણી વજીર, રતનસીંગને તેડેરે;
મોહનજીનું મંદીર મોટું, કર તું દીવસ થોડે. રણછોડ. ૬૧
મંદીર કરીને મહારાજાને, પધારાવ્યા ત્યાંથી પ્રીતેરે;
સંવત સતરે એકાશીમાં, રંગીલો રંગ રીતે. રણછોડ. ૬૨
માણકઠારીએ મેળો કીધો, મોહનને મન ભાવેરે;
વઈશ્નવ વાજિત્ર લેઈ, સરવે સમાજે આવે, રણછોડ. ૬૩
મોટુ મહાતમ જાણીને, જન સરવે દરશણ આવેરે;
ભેટ શામગ્રી શણગાર સારા. સામળિયાને લાવે. રણછોડ. ૬૪
મેળો મહાભારત થયો, તે મંદીરમાં ન માયરે;
જગજિવનને જોવાને તો, જન ઘણા ત્યાં જાય. રણછોડ. ૬૫
ત્યારે મહારાજે મનસુબો કીધો, મંદીર મોટું કીજેરે;
ઊંચે આશને અમો બેશીને, દરશન સઊને દીજે. રણછોડ. ૬૬
ત્રાંબેકરને તરત કહ્યું, તે ક્ષણું ન લાગી વારરે;
ડાકોર મધે દોડી આવ્યો, પુનાનો રહેનાર. રણછોડ. ૬૭
આવીને અલબેલા કેરૂં આરંભ્યું મંદીરરે;
સંતાટ સારા સોધી કહે છે, વેગે કરજો વીર. રણછોડ. ૬૮
કામ કરતાં કસર ન કરશો. પઈસો પુરે પાડુરે;
ધન્યતો ધરણીધરનું સરવે, સ્યામ સુસ્ત ગાડું. રણછોડ. ૬૯
પાયામાં તો પથર પુર્યા, સિસું ટોરયું સારરે;
મોહનજીનું મંદીર કીધું, શોભાંનો નહિં પાર. રણછોડ. ૭૦

મહારાજનું મંદીર થયું,ત્રીજે વરસે તઈયારરે;
પ્રભુજીને પધરાવા તણો, કીધો છે નીરધાર. રણછોડ. ૭૧
સરવ મળીને સામળીયાની, પાસે આવ્યા પ્રીતેરે;
મહુરત જોવા મોટા જોશી, તેડાવ્યા રંગ રીતે. રણછોડ. ૭૨
મહુરતજોઈ જોશી કહે છે, મંદીરમાં પધરાવોરે;
મોટું મહુરત આજ દહાડો, ફરી ન આવે આવો. રણ. ૭૩
અલબેલાજીને ઉચકે પણ,ખસે નહી તલમાત્રરે;
વિચારી સહુ વિસમે પામ્યા, ગળીયાં સહુનાં ગાત્ર. રણ૦ ૭૪
શું થશે સામળીયા મોટું, મંદીરમીથયા થાશેરે;
તાંબેકર કહે ટેક રાખજો, લજ્જા મારી જાશે. રણછોડ. ૭૫
પુન્ય દાન બહુ પેરે કીધાં, પાતળીઓ પધરાવારે;
તોએ પણ મોહન ન માને, મોટે મંદીર જાવા. રણછોડ. ૭૬
સાંજ પડીને સહુ કોઈ થાકયા, કાંઈ ન સુજે વાતરે;
અલબેલાને એમ ગમ્યું કહી, હેઠા પડીયા હાથ. રણછોડ. ૭૭
પ્રભુએ પેર્યો પુરવાશી, કોઇ બોલ્યો આવી રાતરે;
જુગજીવનને જોઈએ ભાઇયો, બોડાણાની જાત. રણછોડ. ૭૮
તેના કુળમાં કોઇ હોય તો, અલબેલોજી ઉઠેરે;
ખોળ કરીને ખબર મંગાવો, તો ત્રીકમજી તરૂઠે. રણછોડ. ૭૯
શોધ કરીને શોધી કહાડયો, કુળ મધેનો કોઈરે;
જોતામાં જુગજિવન કેરૂં, મન રહ્યું છે મોહી રણછોડ. ૮૦
અલબેલાને અંગે અડકયા, સંગે સઘળો સાથરે;
અંત્રીક્ષથી ઉઠયા અલબેલો, તે કોઈ ના જાણે વાત. રણછોડ ૮૧
પ્રિત કરી પાતળીઓ, લઈને મોટે મંદીર ચાલ્યારે;
સીંહાસન ઊપર સામળીઓ, હરખે હેતે આવ્યા. રણછોડ. ૮૨

સંવત અઢાર અઠાવીશે, પ્રિત કરી પધાર્યારે;
સહુને સુખ આપ્યુ સામળીએ, અંગે રંગ વધાર્યા. રણુછોડ. ૮૩
બોડાણાનુ બંદ જણાવા, વંશ બોલાવ્યા વાહાલેરે;
ત્રાંબેકર તેને તેડીને, સરપાવ સારા આલે. રણુછોડ. ૮૪
ઠાકોર કીધુ દ્વારકાં, તે ત્રીકમજિ તત્કાળેરે;
લવ લવ મારી લેખે લખજો, તમો પિતા હું બાળ. રણુ. ૮૫
સીંધાસનની શોભા સારી, આરસનું મહી કામરે;
મધે મોહન તમો બીરાજો જોવા સરખું ધામ. રણુછોડ. ૮૬
ચરણ કમળનું ચીંતવણ કરતાં, ચીંતા ચીત બોલાયરે;
નેપુંરા ઝાંઝર ધુઘરીઓ, અલબેલા લેવું બલાય. રણુછોડ. ૮૭
પીતાંબર પીળું છે તેની, કસબની છે કોરરે;
જડીત કંદોરો જોડે શોભે, ધુઘરીનો ઘનઘોર. રણુછોડ. ૮૮
કુસબી વાઘો કનક સરીઓ, પટકો પીળો શોભેરે;
લેહેર કસબની છેડા ઉપર, અલબેલાને ઓપે, રણુછોડ. ૮૯
ચારે હાથે ચતરૂભુજને, કડાં ચુનીઓ વાળાંરે;
સાંકળી અંગે સારી શોભે, બાજુબંધ નખરાળાં. રણુછોડ. ૯૦
આંગળીએ અંગુઠી ઉજ્જવળ, વેઢ અને વીંટીરે;
પુચી સાંકળાં પાતળીયાને, મુખમાં મોરલી મીઠી. રણુછોડ. ૯૧
મોતી માળા ત્રણ તેવડી, અલબેલાને ઓપેરે;
મોહનમાળા મોટી માંહે, ચરણે જઇને ચોપે. રણુછોડ. ૯૨
સોનાની સાંકળીઓ દોરો, ઘુગઘુગીઓ માંહી ઝળકેરે;
સંખ ગદા પદમને ચકર, ચારે હાથે ચળકે. રણુછોડ. ૯૩
ગળેબંધ ગળામાં સોહીએ, કાંને કુંડળ મોતીરે;
જડાવનું તીલક જદુવરને, અખંડ જોત ઊદોતી. રણુછોડ ૯૪
મુગટ મનોહર માહારાજાનો, જુગમાં ન મળે જોડારે;

મધ્યે સુનીઓ ચળકે ઝાઝી, કલંકીનો તારો. રણુ- ૯૫
અદભુત રૂપ અકલમાં ન આવે, એક રસના શું ભાખુરે;
અપાર તેનો પાર નથી, હું કેમ કરીને આંખુ. રણુ. ૯૬
જેને જેવા જોઈએ તેને, તેવોછે અલબેલોરે;
ગવાય તેમ ગુણ એના ગાજો, રખે મુળગો મેલો. રણુ. ૯૭
ધન બોડાણા વીરજ તારી, બળવંતને તેં બાંધ્યોરે;
જોગી મુનીને જેછે દુલભ, તે પ્રભુ તુજને લાધ્યો. રણુ. ૯૮
ડાસરામાં હીક નીકળીઓ, પ્રગણામાં પ્રીતેરે;
દુનિયામાં તેં ટંકારકીધો,ડાકોરમાં રહે રંગ રીતે. રણુ. ૯૯
ચાર જુગમાં જાણુ થયો તું, બોડાણા બલીહારીરે;
તન મન ધન તેં ત્રીકમ ઉપર, સરવે નાખ્યું વારી.રણુ. ૧૦૦
અલબેલાને અરજ અમારી, એકાંતે તમે કહેજોરે;
અવગુણનો તો આંક નથી, તમે સામળીયાજી સેહેજોરણુ. ૧૦૧
જો મોહન મનમાં જાણો તો, જુગમાં ન મળે જોડરે;
ત્રાહા ત્રાહ શરણાગત રાખો, રંગીલા રણછોડ. રણુ. ૧૦૨
જોજો અવગુણ જોશો તે પ્રભુ, મુજમાં ભરયાં ભરપુરરે;
આળ કરો તો ઉડી જાવું, જેમ આકડાનું તુર. રણુ. ૧૦૩
સામળીઆ તમો સામુ જુઓ, સ્નેહ ધરીને શામરે;
મન ફેરવો મોહનજી મારું; સેજે થાએ કામ. રણુ. ૧૦૪
ચરણ કમળમાંથી ચીતડું મારૂ. તાણીને તમો રાખોરે;
ધણી થઈ ગીરધારી મુજને, તરછોડી ના નાંખો.રણુ. ૧૦૫
બેઉ કર જોડી ચરણે લાગુ, સો સો કરૂ સલામરે;
રણછોડને તમો રાખી રશીયા, ખાનાજાત ગુલામ.રણુ. ૧૦૬
સાચ રણછોડનો ગરબો, જે કોઈ ગાસે પુરણ પ્રીતેરે;

તે ઉપર રીઝે રંગીલો, રસબસ થઈ રંગ રીતે. રણ. ૧૦૭
સહુ મળીને સાંભળજો બાઈ, કહુછું વારંવારરે;
ભુલ્યું ચુક્યું. માફ કરજો, કરતાર ગીરનાર. રણ. ૧૦૮
સંવત અઢાર અગનોતેરે, આઠમ આસો માસરે;
કૃષ્ણ પક્ષને રવીવારે, ગુણ ગાય છે રણછોડદાસ. ૧૦૯

શ્રી અંબાજીના મહિના.

કારતક માસે કરણા કરી કરો મુજ માતરે, મા અંબાજી;
અલબેલી અંબા સાંભળ મારી વાતરે.. મા અંબાજી. ૧
વાત સાંભળીને સમરૂ શ્રી હરી નાથરે, મા અંબાજી;
તારા દરશનની મને મોટી અંબા [illegible]રાશરે; મા અંબાજી. ૨
માગશર માસે મન મળવા આકળાયરે, મા અંબાજિ;
તારી ઈચ્છા કરતાં અંબા દિન વહી જાયરે; માઅંબાજિ, ૩
દીન વહિ જાયને આશા મુજને મોટીરે, મા અંબાજિ
તારા રંગ મંડપમાં હું નવ આવી લોટીરે, મા અંબાજિ;૪
પોસ માસે મુજને મળવા સોસરે, મા અંબાજિ.
મુજ રાંક ઉપર શો ધરવો રોશરે, મા અંબા૦ ૫
રોશ ન ધરો તમોછો દેવ દયાળરે, મા અંબા૦
જેનું નામ ધરાય સેવક જન પ્રતિપાળરે; મા અંબા૦ ૬
માહ મહિને કાંઈ વરત સામજ્યાં તમારાંરે મા અંબા૦ ૭
મા શું જુઓછો કુડાં કરમ અમારાંરે, મા અંબા૦
કુડાં કરમની કરણી છે મધાનરે, મા અંબા૦ ૮
તારા દર્શનનું મને મોટું અંબા ધ્યાનરે, મા અંબા૦
ફાગણ માસે ફરી ફરી ઉલટે અંગરે, મા અંબા૦ ૯

રંગ ભર્યાં મનડાં ન કરશો ભંગરે મા અંબા૦ ૯
ભંગ ન કરશો તનડું અમારૂં તલખેરે, મા અંબા૦
ચીત અમારૂં ચરણે આવી અટકેરે. મા અંબા૦ ૧૦
ચઈતર મહિને ચીંતા મુજને ઝાઝીરે, મા અંબા૦
જન્મ ધરી નવ નરખ્યાં અંબા માજીરે મા અંબા૦ ૧૧
નવ નિરખ્યાં મેં અંબા અકલ સ્વરૂપરે, મા અંબા૦
વળતાં ક્યાંથી દેખીશ માનાં મુખરે. મા અંબા૦ ૧૨
વૈશાખ મહિને વરસ જાય દેહ નાહીરે મા અંબા૦
મા હવે વળતી વેળા રહી છે માહીરે, મા અંબા૦ ૧૩
વેળા માહીને માંથે મોટું દુખરે, મા અંબા૦
વળતાં ક્યાંથી દેખીશ માનાં મુખરે. મા અંબા૦ ૧૪
જેઠ માસે મુંજને તેડો ઠેઠરે, મા અંબા૦
નહી તેડો તો જીવણ જાસે વેઠરે, મા અંબા૦ ૧૫
વેઠ જાશે ને મિથ્યા થાશે જન્મરે, મા અંબા૦
ભાગ્ય નથી પણ એ છાં અમારા કર્મરે. મા અંબા૦ ૧૬
અસાડ માસે અટક ન ધરીએ મનરે, મા અંબા૦
તારા દરશન માટે તલસે મારૂં તનરે, મા અંબા૦ ૧૭
તન તલસે ને દયા ન આવે મારીરે, મા અંબા૦
મા દયાળી દીલથી શું મુકોછો કાઢીરે. મા અંબા૦ ૧૮
શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારીરે, મા અંબા૦
મા જેને ઇચ્છા હોય તે આવે તારે પારેરે, મા અંબા૦ ૧૯
મા સંઘ ભરાયને સઉને ઈછા થાયરે, મા અંબા૦
મા પાપી હોય તે નિસ્ચે પાવન થાયરે, મા અંબા૦ ૨૦
ભાદરવા માસે સીદને મન ભાવેરે, મા અંબા૦

તારાં દુર્લભ દર્શન આપી તાપ સમાવોરે, મા અંબા૦ ૨૧
તાપ સમાવોને શીતળ કરો છાંયરે, મા અંબા૦
શીશ નમાવતાં પ્રાયશ્ચિત પ્રલે થાયરે, મા અંબા૦ ૨૨
આસો માસે અરજ સાંભળીને વેહેલીરે. મા અંબા૦
મા આરાસુરમાં કરો આનંદના હેલીરે, મા અંબા૦ ૨૩
હેલી કરીને પુરો મનની આશરે, મા અંબા૦
મા શેવકજનને તેડો તમારી પાસરે, મા અંબા૦ ૨૪
બારે માસ પુરણ કીધા માતરે, મા અંબા૦
મા વિશમપરી વિસ્વાસ ન કરશો ઘાતરે, મા અંબા૦ ૨૪
તેરમો મહિનો મહા ઉત્તમ કેહેવાયરે, મા અંબા૦
મા હરી પ્રતાપે પુરષોતમ સઉ ગાયરે, મા અંબા૦૨૬
પુરશોતમ માંસે શંધ ભરાય બહુ ભારીરે, મા અંબા૦
મા ચાચર ઉપર વરતી ચાલે થાળીરે, મા અંબા૦૨૪
આરાસુરમાં નિત્યે આનંદ થાયરે, મા અંબા૦
કર જોડીને બાપો શેવક ગાયરે મા અંબા૦ ૨૮

બહુચરાજીના મહીના.

ચઈતરે ચંત ઘણું બાંધ્યું. નમા નમી બહુચર આરાધ્યું;
મનમારૂં ગોખે જઇ લાધ્યું શેવોને તમે શંખલપુર રાણી.૧
વૈશાખે વાવલીયા વાયા, માજીના ઘદતળે આવ્યા;
અંબાજીની મોટીછે માયા, શેવોને ૨
જેઠેતો જુગતી છે સારી, હરી હર બ્રમ થકી ન્યારી;
ગોખ ઉપર જાઉં બલીહારી, શેવોને. ૩
અસાડે મેઘ ઘણા ગાજે, છત્ર શીર બહુચરને છાંજે;
ચોઘડીયાં તો અદ્દભુતે વાજે, શેવોને. ૪

શ્રાવણે સરવડીએ વરશો, માજિને ભજશો તો તરશો;
નીકર તમે અથડાતા મરશો, શેવોને. ૫
ભાદરવો ભલીપેરે ગાજ્યો, શેવકને સનમુખે થાજ્યો;
ખુડંતાં બાવલડી સાજે, શેવોને. ૬
આસો માસે આવી દિવાળી, આવ્યાંછે એબાને કાળી,
ગરબે રમે મોટાં મહાકાળી, શેવોને. ૭
કારતકે કોયલડી બોલે ના આવે માજીને તોલે;
તે જોતાં ત્રીભોવન ડોલે. શેવોને. ૮
માગશર માન સરોવર નાહે, ચાચર આવી ગરબા તો ગાયે;
શેવકની મા કરજો સાહે, શેવોને. ૯
પોસે પ્રિત ઘણી ધારી, પાંડવ લીધા ઊગારી;
કઊરવ સરવે ગયા હારી, શેવોને ૧૦
માહે તો મને નથી ગમતું, મન મારૂં રહે છે ભમતું;
મન મારૂં માજીમાં રમતું, શેવોને ૧૧
ફાગણે ફરફરતી હોળી, પેહેરયાં માએ ચરણા ને ચોળી;
કેસર બહુ છાંટયાં છે ઘોળી, શેવોને. ૧૨
બારે માસ પુરણ કીધાં, દહીતને દંડ ભલા દીધા;
દેવતા સઊ ઊગારી લીધા, શેવોને. ૧૩
આસો સુદ બીજને બુધવારે, બારે માસ થયા નિરધારેઃ
બલ્લભની કરજો મા વારે, શેવોને ૧૪

રાધકાજીના મહિના.

કોને સખી કારતક કેમ જાશે, કે વનમાં મોરલી કુણ વાશે;
મહીનો દાણી કુણ થાશે, કે જુમનાં જાવાદો પાણી. ટે॰ ૧

કે માગશરે મન માહારૂ ગળીયુ, કે, વીખાવા ભાવચકાટળીયુ;
કે જેમ લુણ પાણીમાં ભળીયું, કે જુમનાં. ૨
કે પોશે સોસ પડયા અમને, વાહાલાજી શું નમીએ તમને;
કે દીલાસા દીધાછે અમને, કે જુમનાં ૩
કે માહે મકર તણે મતે, ફુલડીયાં વેરંતી ખાતે;
કે વાલાજી મારા મથુરાની વાટે, કે જુમનાં. ૪
કે ફાગણે ફેર ફરે હોળી, કે આછાં ચરણાંને ચોળી;
કે ચુંદડી મારી કેશરમાં રોળી, કે જુમનાં ૫
કે ચઈતરે ચતુંરા ચંત ધરતી, વાહાલાજીના ગુણ ગાતી ફરતી;
કે તારે મારે વ્હાલે કાંધી નરતી, કે જુમનાં. ૬
કે વઇશાખે વાયા વાવલીયા, ઘેર પધારોને નાવલીયા;
કે દુધડે ધોઉ તારા પાવલીયા, જુમનાં. ૭
કે જેઠે જગ જવન આવ્યા, કે સૌ લોક વધામણી લાવ્યા;
કે વાલા મારા કશુંએ ન કાવ્યા, કે જુમનાં ૮
કે અશાડે અબળા થઈ ઝાંખી, વાલે મારે ભરજોબન રાખી
બિચારો વાલા વાત થશે વાંકી, કે જુમનાં. ૯
કે શાવણ શરવડીએ વરશે, કે નદીએ નીર ઘણાં તરશે,
કે કોયલડી ટઉકલીયા કરશે, કે જુમનાં. ૧૦
ભાદરવો ભલી પેર ગાજે, સહચર ઘેર વલોણું વાજે;
તેનો મારા રૂદીયામાં દાજે, કે જુમનાં ૧૧
આશોની રજની અજવાળી, કે શેવ વણું કે સુવાળી;
વાલા વીના આશી દિવાળી, કે જુમના. ૧૨
કે રાધા હાથે શોનાની ચુડી, કે રમતાં દિશેછે રૂડી;
કે દુખ સરવે ગયાંછે છુડી, કે જુમનાં જાવાદો પાણી. ૧૩

તુળશીના મહિના.

ધન ધન પાટણ ગામ,
ધન તુળશી તારૂ ઉત્તમ નામ; સાંભળો ગુણવંતા. ૧
અસાડે તુળશી રોપ રોપાવે,
દેવ દામોદરને નિંદ્રા નવ આવે. સાંભળો. ૨
શ્રાવણે તુળશી દેહેરે પાને;
હરખ્યા શ્રી નારાયણ તુળશીને નામે. સાંભળો. ૩
ભાદરવે તુળશી લેહેરેરે જાય,
ફુડે શોભાવે શ્રી જાદવરાય. સાંભળો. ૪
આસોએ તુળશી આશા વળુધાં,
દેવ દામોદરે ખોળામાં લીધાં. સાંભળો. ૫
કારતકે તુળશી બાળ કુંવારી,
લગ્ન નીરધારીને પરણ્યા મોરારી. સાંભળો ૬
માગશરે મનાવડે હરીએ,
શિયાળે તુળસીનાં આણાં કરીયે. સાંભળો.
પોસ માશે પડઘારે પોકાર,
તુળશી વીના સુનોરે સંસાર. સાંભળો ૮
મહા મહીને શુધ બુધ ન ભુલે,
તુળશી વીના સુનોરે સંસાર. સાંભળો ૮
મહા મહીને શુધ બુધ ન ભુલે,
તુળશી વિના ત્રિભોવન ડુલે. સાંભળો. ૯
ફાગણે ફાગ ખેલેરે ગોવંદા,
પગરે પાવડે હરી લેલાટ ચંદા. સાંભળો. ૧૦
ચઈતરે ચંત બોલે હીંડોળા,
હીંચેળે હીંચે શ્રી ક્રૃષ્ન કાળા. સાંભળો. ૧૧
વઈશાખે વનસ્પતી મોડી,
ઓળેને ખોળે મેં રમત માંડી. સાંભળો ૧૨

જેઠ માસે તુળશી કરમાયાં,
સોળસે ગોપીયો પાણીડાં ચાલ્યાં. સાંભળો. ૧૩
તુળશીને ક્યારે ઘીના દીવલડા,
હરી હરી કરતાં જાય એના જીવડાં. સાંભળો ૧૪
હું તમને પુછું મારી તુળશીરે માતા
કુણ તારી માતા ને કુણ તારો પીતા. સાંભળો. ૧૫
ધરતી મારી માતાને આભ મારો પીતા,
દેવકી મારી સાસુ ને કૃષ્ન ભરથાર. સાંભળો ૧૬

બ્રાહ્મણદાસના મહિના.

કારતકે કોડામણીરે, શિળી પુનમ કેરો ચંદ વાલા.
રાધાજી કરે હરીની વીનતીરે, ચરણે રાખો ગોવિંદ વાલા ૧
માગશરે મેલી ગયારે, પેઉ ગયા પરદેશ વાલા;
ભર જોબનમાં ભામનીરે, અબળા બાળે વેશ વાલા. ૨
પોષ માસે પુછામણીરે, સાંભળ સહયર વાત વાલા;
શ્રી કૃશ્ન ચાલ્યા દ્વારીકાંરે, સોલસે ગોપીને નાથ વાલા. ૩
માહા મહિને મન માહરૂં રે, ચીતડું વ્યાકુળ થાય વાલા;
શમણાં લાગ્યાં શ્રી રામનારે, દીઠા જાદવરાય વાલા. ૪
ફાગણ માસે ફરકીયારે, વાગેછે તાલ મૃદંગ વાલા;
મધુરી વગાડે વાલો વાંસળીરે, હોળી ખેલે ગોવિંદ વાલા ૫
ચઇતરે ચિંતામણીરે, ના આવ્યો નાવલ હર વાલા;
કોઈ લાવે પીઉની વધામણીરે, આપું એકાવળ હાર વાલા.૬
વઇશાખે વન વેડીયાંરે, વેડીછે દાડમ દ્રાક્ષ વાલા;
કોયલડી ટઉકા કરેરે, સરવો લાગે એનો સાદ વાલા; ૭
જેઠ મહીનાના રણ તપેરે, જેવાં ઉનાળાના તાપ વાલા;

લંકામાં જ્વાલા પરજળેરે, ઊભા રહો રઘુનાથ વાલા. ૮
અશાડ માસ ભલે ઉલટયોરે, થાય વીજળીઓના વેગ વાલા;
ભલી ઉલટી બેની વાદળીરે, વરસ્યા બારે મેઘ વાલા. ૯
શ્રાવણ વરસે સરવડીએરે, નદીએ નીરમળ નીર વાલા;
ભીંજે તે રાણી પદમણીરે, ભીંજાય દક્ષણી ચીર વાલ. ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે, શીતળ ચઢયો શરીર વાલા;
ગોરાદે ભીંજાય ઘર આંગણેરે, પેઉડો ભીંજાય પરદેશ વાલા.૧૧
આશો માસે દીવાલડીરે, સુંદરી સજે શણગાર વાલા;
લેલાવટ ટીલડી સોહામણીરે, કંઠે એકાવળહાર વાલા. ૧૨
બારે માસ પુરા થયા રે, આવલો અદકમાશ વાલા;
ગાય શીખેને સાંભળરે, વીનવે થોભણદાસ વાલા.

ગુજરી.

કે કાબુલસે બાદશાહ ચડને સારી દીલીકા દીવાનરે,
કે બાદશાહ ઊતરે બાગમાં ને મેં કયાંમસ દેખન જાઉરે,
કે હાથમાંરે લેઉ લાલ બેડલું કંદોયણ હોકે જાઊરે;
કે બાદશાહ ઉતરે બાગમે મેં કયામસ દેખન જાઉરે,
કે હાથમાંરે લેઊ લાલ બેડલું પનીયારણ હોકર જાઉરે;
કે બાદશાહ ઉતરે બાગમાં મેં કયામસ દેખન જાઉરે;
કે હાથમાંરે લેઉ લાલ લાકડી ગોવાલણ હોકે જાઉરે;
કે બાદશાહ ઉતરે બાગમાં મેં કયામસ દેખન જાઉરે,
કે હાથમેરે લેઉ ફુલ છાબડીરે મેં માલણ હોકર જાઉરે;
કે ફુલફગરનો ઘાઘરો ને સાળુડે કસબી કોરરે,
કે કલ્લાં કાંબીને અણુવટ વીછવા ઝાંઝરનો ઝમકારરે;

કે હાથે બાજુબંધ બેરખાને એની દસે આંગળીએ વેઢરે,
કે કાને ફલાફુલ શોભતાં એને કંઠે એકાવળ હારરે;
કે લીલા તે જગનું કાપડું એને જગ મોતીનો હારરે.
કે નાકે તે વાળીઓ શોભતી એને ટીલડી તપે લેલાટરે;
કે બાળેબાળ મોતી પરોવ્યાં જાણે ઉગ્યો સુરજ ભાણુરે.
કે છોટી મટકીમે દહીંએ જમાયો દુધ લીયો મણુ ચારરે;
કે ચલી ગુજરીયાં દહી બેચનકું ચલી બાદશાહકે દરબારરે.
કે અઈયર લ્યો કોઈ મહીયર લ્યો કોઇ મીઠડાં દુધરે;
કે સાસુરે કહેવે સુણો બપરીયાં લશ્કરમેં મત જાવરે.
કે દીલ્લી શેહેરકા બાદશાહ તુજે રખે ગોબર માંહરે;
કે સાસુના વારયાં ના કરે વહુ મહિ વેચવાને જાયરે.
કે હાટે મોહ્યા હાટ વાણીયાને ચોરે મોહ્યા ચોખદારરે
કે જે દેખેસો મોહી રહ્યા ને બાદશાહ સરખા મોહ્યારે.
કે ચલી ગુજરીયાં મહી બેચનકુ બેઠી લાલ બજારરે;
કે શીપાઇ બીચારે ચાડી લગાઈ જીવ જાન હુવા હેરાનરે.
કે આપને લશ્કરમે એશી મહીયારીને એસા ન કોઇકા દુધરે;
કે બાદશાહકુતો ખબર હુઈને ગુજરી દેખન આયરે.
કે અલીયાં ગલીયાં કયા ફીરનાં ગોરી પેઠો પડદા માંહરે;
કે પડદેમે બેઠી મોજ કરો ગોરી ચાવો નાગર પાનરે
કે અલીયારે ગલીયાં બોત ભલી તેરે પડદેકુ લગાદઊઆગરે;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે.
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે.
કે કાય કથીરમાં કયા પેહેરનાં ગોરી પેહેરો સોના શેરરે;
કે કાય કથીર મેરે બોહત ભલા તેરે સોને લગાદઊ આગરે
કે હીંદવાણી તું હરામજાદી, બાદશાહકુ દેવે જવાબરે;

કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે.
કે કાળી કામળમાં કયા ઓઢનાં ગોરી પેહેરો દક્ષણી ચીરરે;
કે કાળી કામળ મેરે બોત ભલી તેરા ચીરકુ લગાદઉ આગરે.
કે હીંદવાણી તું હરામજાદી બાદશાકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે
કે ઘેસ છાશમાં કયા ખાનાં ગોરી ખાઓ નાન પલાવરે;
કે નાન પલાવમેં કયા ખાનાં મેરા હિંદુકા અવતારરે.
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે;
કે બાદશાહ કેવે શુણ ગુજરી તમ સુણો અમારી બાતરે.
કે મકના હાથી અજબ બના ગોરી હાથી દેખન આવરે;
કે તેરે હાથીમાં કયાં દેખનાં મેરે ઘેર ભુરી ભેંશરે.
કે ટંકે સવામણ દુધ કરે તેરા હાથીથી ભલેરી મેરી ભેંશરે
કે દહીં દુધકી નદી ચલાવું માંખણકી બાંધુ પાળરે.
કે હીંદવાણી તું હરાંમજાદી બાદશાહકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે;
કે મેરા કુંવર અજબ બના ગોરી કુવર દેખન આવરે;
કે તેરે કુંવરમેં કયા દેખનાં મેરા ગાયુકા ગોવાળરે;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરેરે;
કે મેરી સોલસેં રાણીઓ ખુબ બની તે રાણીઓ દેખન આવરે
તેરી રાણીઓમાં કયા દેખના મેરી પાણી ભરે પનીઆરરે;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે;
કે મેરા ઘોડા અજબ બના ગોરી ઘોડા દેખન આવરે,
કે તેરે ઘોડેમેં કયા દેખના મેરે ઘેર ગવરી ગાયરે;

કે હીંદવાણી તું હરામ્જાદી બાદસાહકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણુ ગુજરી તમ સુણો અમારી બાતરે.
કે ચોથી મટકીકા મુલ કરો ગોરી ઉસકા ક્યા હોય મુલરે;
કે ચોથી મટકીકા મુલ કરું તેરી સારી દીલી કુલરે.
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકું દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણુ ગુજરી તમ સુણો અમારી બાતરે.
કે તેરા રૂપ તો કીને દીયા જાણે શોની ઘરે શોનારરે;
કે અલાભીયાંને મેરા રૂપ દીયા મેરા કરમ કરે કીરતારરે;
કે હીંદવાણી તુ હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે,
કે બાદશાહ કેવે સુણુ ગુજરી તમ સુણો અમારી બાતરે;
કે ગલબલ ક્યા બોલતી ગોરી બોલો સમજકી બાતરે;
કે અકડ છકડ ગોરી ક્યા બોલતી કાંઈ છકડ લગાઉ દોચારરે;
કે તું નવ જાણીશ એકલી મારા ગુજર ચઢે નવલાખરે;
કે હીંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબરે;
કે બાદશાહ કેવે સુણ ગુજરી તમ સુણો અમારી બાતરે;
કે મારૂ તમાચાઉડજાય પઘડી મુખડા હો જાય લાલરે;
કે ટકે ટકે તેરા ટટુ બેચાઊ દમડીકા દસ ઊંટરે;
કે ટકે ટકે તેરી ઢાલ વેચાઉ દો કોડી તરવારરે;
કે બાદશાહકુતો ઘુસ્સા લગાને ડાલી બેડી માંયરે;
કે હાથે ડાલી હાથ કડીયાને ઉસકુ હાથીપર બેઠલાવરે;
કે હાથીકે હોદેપર બેઠી ઊસકા કોઈ ન લેવે નામરે;
કે બ્રાહ્મણ વીરા વીનવું તને આલું હઇયાનો હારરે;
કે કાગળ જઇને આલજે મારા હીરીયા દીયરને હાથરે.
કે હીરીયે કાગળ વાંચીયોને ગુજરી પડી બેડી માંયરે;
કે ચંદે કાગળ વાંચીયોને ગુજરી પડી બેડી માંયરે.

કે છો પડી ભાઈ પડવાદો એવી લાવીશું એચારરે.
કે તાંણી બાંધોને ભાઈ ઢાલતરવારોને તાંણી બાંધો હથીઆરરે
કે સુરા હોયસો સાથ ચલોને નહીં કાયરકા કામરે
કે કેસરીયા ભાઇ વાઘા પેહેરોને હોજાવ લાલ ગુલાલરે.
કે ત્યાંથી હીરીયો દોડીયો તે ગયો ઘોડાની પાસરે;
કે તાંણીને બાંધો તંગડોને ઢીલી મેલો લગામરે.
કે દીલી જીતીને ઘેર આવુંતો રેવંત મારૂં નામરે.
કે હીરીયો ઘોડે એકજ ચઢયોને ગુજર ચઢયા નવલાખરે.
કે ચંદો ઘોડે એકજ ચઢયોને ગુજર ચઢયા નવલાખરે.
કે હીરીયે ઘોડો ખેડીયોને ઘોબી માર્યા પચાસરે.
કે લેજે ભવાની ભોગ આતો ગુજર કેરો રોગરે.
કે ચંદે ઘોડો ખેડીયોને જાય દીલી મેદાનરે.
કે હીરીયો પેઠો શેહેરમાંને વાણીયા નાઠા જાયરે.
કે ચંદે ઘોડો ખેડીયોને કંદોઇ નાઠા જાયરે.
કે તોપોકી ધમરોળ હુઇને હુવા અંધારા ઘોરરે.
કે બાદશાહકુતો ખબર નહીને રઈયત નાઠી જાયરે
કે સુતો બાદશાહ જાગજે તારે નગર પડયો ભેકારરે.
કે સુતો બાદશાહ જાગીયો ભાઈ કયા હોતા ધમરોળરે.
કે સુતો બાદશાહ જાગીયોને મુગલ ચઢયા બાણુંલાખરે.
કે ત્રાંબાની નોબત ગણગણેને ઢમકે વાગ્યાં ઢોલરે.
કે ફાગણ શુદ ચઊદશને દાહાડે મામલો મચ્યો જોરરે.
કે ગુજરી રહીને બોલીયાંને બોલી એકજ બોલરે
કે હીરીયો પેહેરે કાંચળીને હથીયાર મુંજને આલરે
કે બાદશાહ સાથ એસી લડું મેરા જુગમાં હોજાય નામરે
કે તરવારે તાળી પડેને બરછી ચાવે પાનરે.

કે અગાડી પછાડી ડેરા તાણ્યોને બીચમેં રખો મેદાનરે.
કે બચમાં રખો ગુજરી, ભાઈ જે જીતે લેઈ જાયરે;
કે હીરીઓને ચંદીઓ બોલીઓ રાજા સાંભળો અમારી વાતરે
કે પેહેલો તે ઘાવ વળી તમે કરોને અમે તમારી રૈયતરે;
કે પેહેલો ઘાવ બાદશાહે કીધો ગુજર લસ્કર માંયરે;
કે હરીયોને ચંદીયો ધુસે થયા જેમ બકરાંમાં પડીયા વાઘરે.
કે તલવારોની તાળી પડીને લોહીનો વરસ્યો મેઘરે;
કે તમારી ગુજરી તમને સોંપી ગુજરી હમારી બેનરે;
કે ત્યાંહાંથી ગુજરી ચાલીયાંને ગયાં સાસુને ઘેરરે,
કે સાસુ મેહેણું બોલીયાં વહુ જાઓ બાદશાહને ઘેરરે;
કે આ વહુઅરને જવા દોને બીજી પરણાવું કાલરે,
કે આ વહુઅરને જવા ન દેઉ મારા ગુજરનો પત જાયરે;
કે ત્યાંહાંથી ગુજરી ચાલીયાં ને ગયાં નણંદને ઘેરરે,
કે નણંદલ મેહેણું બોલીયાં ભાભી જાવ બાદશાહને ઘેરરે;
કે ત્યાંહાંથી તે ગુજરી ચાલીયાં ને ગયાં તે પાવાઘઢરે,
કે પાવા તે ઘઢમાં અલોપ હો ગઇ મહાકાળી કેહેવાયરે;

મીસરી.

કે આઠ કુવા નવ વાવડીજી સોલશે પનીહાર,
ઊસમે કુન ગોરી પતલીઓ મીસરી; પતલી કમર લંબે બાલ, ૧
કે ઘાટ ઘડુલો રૈંટીઓજી પીંડી લાલ ગુલાલ,
કાતનવાલી પતલી ઓ મીસરી; લળી લળી નાંખે તાર. ૨
કે એડીની ગેડી કરૂંજી કેડયોની કરૂં કમાન,
નયણાના કરૂં બે બાલકા ઓ મીસરી; પાકુચતુર સુજાણુ ક

કે ચતુર પુરૂષની ગોરડીજી હશી હશી ઉતર દેત,
મુરખ પુરૂષની ગોરડી ઓ મીસરી. રોઇ રોઇ ઊતર દેત ૪
કે હસ્ત જોબન ખસતજી રૂવે તો કાજલ હો! જાય,
એસો પીયારો મારો સાહબો ઓ મીસરી; સાંજ પડે ઉઠ જાય ૫
કે દાહાડમ સુકાય દાહાડીએજી ઘેર સુકાય ઘરનાર,
બાપ ઘેર સુકાય બેટડી ઓ મીસરી; હેણાં પુરૂષ ઘેર નાર. ૬
કે રાજવણ બેઠી રાજમેજી ખભે ઉઘાડા કેસ,
ઈસ જોબન કે કારણે ઓ મીસરી; હેણા પુરૂષ ઘેર નાર. ૭
કે તરી દીલીને મેરા આગરાજી તેરે મરે કાયકા સ્નેહ,
તે ચમકાવી વીજળી ઓ લોબીડા; મેં વરસાવ્યો મેહ. ૮
કે ઘરના ઘોડા ચઢેજી નગર લીઓ કેમ જાય,
કેઇ મારી સાહેલીએ ભોળવ્યો હો મીસરી; નીત્ય ઘર ભુલી જાય. ૯
કે હાથના હથવારા કરૂંજી નેણશે લીઓરે બોલાય,
સમજાવ્યો ન સમજે ઓ મીસરી; મુરખ બડોરે ગુમાર. ૧૦
કે પાલણપુર દીવડો બળેજી કાજળ પડેરે સ્નેહ,
આંજન વાળી પતળી ઓ મીસરી; મુલક બસે મેવાડ, ૧૧
કે કોયલને કેમ મારીએજી આંબાની રખવાળ,
મારો હરામી સુડલો ઓ મીસરી; અણુ ચાખ્યાં ફળ ખાય. ૧૨
કે ગોરીને કેમ મારીએજી સેજોની રખવાળ,
મારીએ હરામી સાયબો ઓ મીસરી, સેજ પરાઈ જાય. ૧૩
કે માણેકચોક કે બજારમેંજી બેકાય લાલ કબાન,
બેચનવાળા ઘર નહી ઓ મીસરી; કીસપર કરૂં ગુમાન. ૧૩
કે માણેકચોકકે બજાર મેંજી હીરા લાલ બેકાય,
ચતુર હોય સો મુલવે ઓ મીસરી; મુરખ ફેરા ખાય. ૧૫
કે નદી કીનારે સાયબા મુડદાં જલેજી ધુંવા ન પ્રગટ હોય,

ગયાં ન જોબન સાંપડે એ મીસરી; મુવા ન જીવે કોય. ૧૬
પ્રીત કરી ઊંચથીજી સદા નભાયો જાય,
નીચથી કયા કરે પ્રીતડી એ મીસરી; સદાય મેણાં ખાય. ૧૭
કે કંકણુ કુવો ગોડાવીએજી રેંટ ફરે મેવાડ,
સીચનવાળી પાવાધઢ વશે એ મીસરી;જેનો ચંપો પીએ ધઢનાર
કે પ્રીત કરી દો જણેજી માળીને રંગરેચ,
રંગરેચ લાવે ચુંદડી એ મીસરી; માળી લાવેરે ફુલ. ૧૯
ફુલ મેં કયા પેરનાજી ધુપ પડે કુમલાય,
ભલી બીચારી કલીયાં એ મીસરી, સાંજ પડે ખીલ જાય.૨૦
ચુંદડી મેં કયા પેહેરનાજી બુંદ પડે રંગ જાય,
ભલો બીચારો સાલુંડો એ મીસરી; ધોએ ધોએ રંગ રહે.૨૧
કે ખેતર હોય તો ખેડીએજી ડુગર ખેડયા ન જાય,
કુવા હોયતો ગાળીએ એ મીસરી; સમુદ્ર ગાળ્યા નવ જાય ૨૨
કે કાગળ હોય તો વાંચીએજી કરમ વાંચયાં ન જાય,
ત્રાગ હોય તો તોડીએ એ મીશરી; પ્રીત તોડી કેમ જાય. ૨૩
કે મારા ઠાકોરનો ઘોડીલોજી દીઠો કલાલને હાટ,
દારૂડાનો છાકયો મારા સાયબો એ મીસરી ગયો કલાલનેહાટ૨૪
કે નહી તારા સાયબાને ભેળવ્યોજી નહી મેં લીયોરે બોલાય.
દારૂડાનો છાકયો તારો સાહબો એ મીસરી; આવ્યો કલાલને હાટ.
કે મારા ઠાકોરની મોજડી દીઠી કલાલને હાટ,
દારૂડાનો છાકયો મારો સાયબો એ મીસરી ગયો કલાલને હાટ ૨૬

રણછોડજીના સાત વાર.

આદીતે આનંદ અછવર કહું છુ રે; મારે ગીરધર શું ઘરવા
સ વ્રજમાં રહું છુ રે, પામ્યા સુખ શીવજી ફુળીયારે, શ્રી નંદ

જ્ઞનોલાલ મુજને મળીયારે. આ મંગળે મન હેત હરી શું લાગ્યુંરે, આ રૂદયકમળનું બાણુ હઇયે વાગ્યુંરે. આ બુધ આવ્યો શુદ્ધ જોવા જઇએરે, આ છાની કરીએ ગુજ વાહાલાં થઈએરે બ્રહસ્તપતી ગુરૂ પરતાપ સુખ છે સહુનેરે. આ સખી ઘણો આનંદ રાધા વહુનેરે, શુક્રરના સરવ બોલ શહુને ગમતારે, આ લેતા તાળી હાથ રજની રમતારે આ શનીશર સંદેસો હરીને કાહાવ્યોરે. આ જોગ બન્યોછે આજ રમવા આવોરે, આ સાત વાર જે ગાય નરને નારીરે, તેનો વઈકુંઠવાસ જ થાય દેવ મોરારીરે.

રણુછોડજીની તથા.

સખી પડવે પુરણુ બ્રમ, જે કોઈ જાણેરે;
રૂડા રણુછોડજીનો ધરમ, વેગે વખાણેરે, ૧
સખી બીજે બોડાણોજી બોલ, કહે છે એવારે;
રાખશો તો રહેશે તોલ ઊપજે એવારે. ૨
સખી ત્રીજે તુળશીનાં વન, પ્રભુજીને પ્યારાંરે,
હાથમાં વાવે હરીના જન, શોભે સારારે; ૪
સખી ચોથે ચાલ્યા જાય, વસમી વાટેરે,
રૂદયામાં રણુછોડરાય, મળવા માટેરે. ૪
સખી પાંચમે પળ્યા પંથ તડકા તનમાંરે
શેવા કરે હરીના જન, મારા મનમાંરે. ૫
સખી છઠે તે છાપાં અંગ ધણીના ધરીયાંરે;
રાખો રૂદીયા સાથે રંગ. હવે મન ઠરીયારે. ૬
સખી સાતમે સુંદર સ્યામ, મોહન મળીયારે,
હુતો આવીશ તમારે ગામ ફેરા ફરીયારે. ૭
સખી આઠમે જોડિ વેહેલ, બળવંત બેહારે,

પુરવ દેશમાં કરી મેહેર પંથમાં પેઠારે. ૮
સખી નુમે નમ્યા જાય, આણી રાખેરે,
શેવક સુતા સાંગી માંહી, હરી રથ હાંકેરે. ૯
સખી દશમે આવ્યા ડાકોર, હરજી રશીયારે.
તે ઠેકાણે ઠાકોર વ્હાલો મારો વશીયારે. ૧૦
સખી એકાદશીના દન ગુગળી ઘેર્યારે,
મધરાતે આવ્યા માહારાજ હેરણુ હેર્યારે, ૧૧
સખી બારશે બાંધ્યાછે માલ,શેવકથી છાનારે.
સોનું તો સવા વાલ પુજીમાં પામ્યારે. ૧૨
સખી તેરશે ગુગળી ઘેર, પાછા ફરીયારે.
મધરાતે આવ્યા માહારાજ, કારજ સરીયાંરે. ૧૩
સખી ચઉદશે ચરણામૃત, પ્રેમે પીધારે;
હરી કઠણ થયા નંદલાલ, સંદેસા ન કીધારે. ૧૪
સખી પુનમે પુજા થાય, શોભા સારીરે
દરસન કરવાને જાય, નરને નારીરે. ૧૫
સખી પંદર તથો સાત વાર, જે કોઈ ગાશેરે;
તેને મળશે દ્વારકાનો નાથ. વઈકુંઠ જાશેરે. ૧૬

પંદર તીથિઓ.

સખી પડવે તે પંથે ચાલ્યારે, મહા વનના તે મારગ ઝાલ્યા રે;
સાથે સિતાને લક્ષમણ બાળા, રઘુપતી રામ રૂદેમાં રેહેજોરે; ૧
સખી બીજે મઢીમાં બીરાજેરે. જેવાં નદીયો તણાં નીર ગાજેરે;
રામ મેલી ગયા રૂડું રાજે, રઘુપતીરામ રૂદેમાં રેહેજોરે. ૨
સખી ત્રીજે તે પનની ઝાડીરે, દશફળ મંગાવેછે દહાડીરે.
સારી શોભે સિતાજીની વાડી, રઘુપતીરામ રૂદેમાં રેહેજોરે; ૩

સખી ચોથે કેવડીયો મેહેકરે, ફાલ્યો ફુલ્યોને મોધરો મેહેકરે
એવી લીલી લટાઓ લેહેકે, રઘુપતિરામ રૂદેમાં૦ ૪
સખી પાંચમે પોપટ પાળ્યોરે, પાંખ લીલીને કાંઠલો કાળોરે,
મુખે રામ ભણંતો ભાળ્યો, રઘુપતિરામ રૂદેમાં૦
સખી છઠે છેતરવાને આવ્યોરે, કુડો કપટી રાવણ સાથે લા
બે મુખનો મરઘ બનાવ્યો, રઘુપતીરામ રૂદેમાં૦
સખી સાતમે શ્રીહરી સમર્યારે વાડી ભેળી ઊડાડયાછે આ
ડુંખ સાહીને ઊપાડયાછે ડમરાં, રઘુપતીરામ રૂદેમાં૦
સખી આઠમે એને નીહાળ્યોરે, ધનુપ ધારીને મ્રગલો મા
મ્રઘ મરતી વખતે પોકાર્યો, રઘુપતીરામ રૂદેમાં૦
સખી નોમે તે નાંખ્યો તીરરે જઇ વાગ્યો મ્રગ શરીરરે,
વારે ધાજ્યો લક્ષ્મણ વીર, રઘુપતીરામ રૂદેમાં૦
સખી દશમે કહે લક્ષ્મણનેરે, બેલી વીરો બોલાવેછે તમને
આડી આણી દીધીછે અમને. રઘુપતીરામ રૂદેમાં૦
સખી એકાદશી અપવાશીરે, લંપટ લેવાનો લાગ તપાશી
રાવણ શીતાને લઇ ગયો નાશી, રઘુપતીરામ રૂદેમાં૦
સખી બારશે હનુમાન બળીયોરે, ઠેકી સમુદ્રને પાર ઉતર્યો
જઇ જોગમાયાને મળીયો, રઘુપતીરામ રૂદેમાં૦
સખી તેરશે ત્રંબાળું ભાગેરે. હાક હનુમાન કેરી વાગેરે;
લહાય લંકાંને ગઢમાં લાગે, રઘુપતીરામ રૂદેમાં૦
સખી ચઊદશે ચિત્ત વિચારીરે, ફોજ વાંદરાની રચી સ
રામે રાવણને નાંખ્યો મારી, રઘુપતીરામ રૂદેમાં૦
સખી પુનમે પ્રભુજી આવ્યારે, ફોજદારી થાળ ભરી મોતી
માતા કૌશલ્યાને મન ભાવ્યા, રઘુપતીરામ રૂદેમાં૦
સખી પંદર તથો થઇ પુરીરે એમાં એકે નથી અ
આત્મારામની વાણી મધુરી, રઘુપતીરામ રૂદેમાં૦

પદ્દ૨ તથા.

પુનમે અમને પુરણ દરશણ દેજોરે છોગાળા;
દયા કરી મારી દેઈનાં દુખડાં ખોજોરે મોરલી વાળા. ૧
પડને આવી પકડો મારી બાંયરે છોગાળા;
કાંઇ સતગુરૂની શીતળ રાખો છાંયરે મોરલીવાળા. ૨
બીજે મારી બાળક બુદ્ધી કાપોરે છોગાળા;
દયા કરી મારી દેઈનાં દુખડાં ભાગોરે મોરલીવાળા. ૩
ત્રીજે હું તો તતબર થઈને બેઠીરે છોગાળા;
ગોરી જાતીતીને મુજને લાગી મીઠીરે મોરલીવાળા. ૪
ચોથે ચતુરા શું ગયાછો ચુકીરે છોગાળા,
કાંઈ સેહ લાગી મેં લાજ સરવની મુકીરે મોરલીવાળા ૫
પાંચમે પુરણાવરતી કેહેવાયરે છોગાળા,
મુજ હરી વીનાતો ઘડીએ ના રહેવાયરે મોરલીવાળા. ૬
છઠીના લખીયા લેખ તે કેમ ટળશેરે છોગાળા
મુંજ પતીવરતાનાં કારજ કરવાં પડશેરે મોરલીવાળા ૭
સાતમે હું ગુણ તમારા ગાતીરે છોગાળા.
કાંઈ મોરલીને શબ્દે હીંડુછું મદમાતીરે મોરલીવાળા. ૮
આઠમે અવતરીયા અતર જામીરે છોગાળા,
જાદવકુળમાં જન્માછો અંતરજામીરે મોરલીવાળા. ૯
તુમે કરવાં નરપતના કામરે છોગાળા,
મુજ મંગળવાશી ગયા મથુરાં ગામરે મોરલીવાળા. ૧૦
દશમે દાવાદળ આવી કાપ્યોરે છોગાળા,
કાંઇ મામો કંસ મારીને રણુસ્થંભરોપ્યોરે મોરલીવાળા ૧૧
એકાદશીના પડદા આવી ખોલોરે છોગાળા.
કાંઈ અંતરજામી અમ સંગાથે બોલોરે મોરલીવાળા. ૧૨

બારશે વંદરાવન રસ્તો લીધોરે છોગાળા.
મુજ અપુસ જીવને શું મેલોછો વીલોરે મોરલીવાળા. ૧૩
તેરશે કાંઇ ચરણુ કમળ ચીત લાગ્યુંરે છોગાળા.
કાંઇ જન્મો જનમની ભગતી તમારી માગુરે મોરલીવાળા. ૧૪
ચઊદશે કાંઈ ચરણ કમળની દાશીરે છોગાળા
મુજ મંગળવારી ગયા મથુરાં નાશીરે મોરલીવાળા. ૧૫
અમાંસે કાંઈ ઘરણીધર કેહેવાયરે છોગાળા,
કાંઈ નરસઇ મેહેતા ગુણ તમારા ગાયરે મોરલીવાળા ૧૬

પંદર તીથીઓ.

પડવાની પણુ પ્રીત ઘટનટ ભુલીરે, મારા હરી વિના એક વાત સરવે સુનીરે, બીજે બાળેવેશ રહું છું બાળીરે; આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળીરે; ત્રીજે ત્રીભોવનરાય રાજ પધારોરે, હરી આવોને આપણે ઘેર હેત વધારોરે. ચોથે ચતુરા નાર ચંચળ ચાલેરે; પેલો વડોદરાનો વઇદ દુખડાં ટાળેરે. પાંચનના પડદા હરીશું રાખ્યારે મારે પ્રેમરસ પીવા કાજ હરી રસચાખ્યારે છઠીના લખીઆ લેખ તે કેમ ટળશેરે મારી પેલા ભવની પ્રીત આવી મળશેરે. સાતમના સંતાપ હરીશું એમનેરે આ શું કહીએ મહારાજ લાજ નહી તમનેરે. આઠમે ઓછવ થાય હરી હોય હેલીરે, મારે સોળ ગોપીનો સાથ રમવા ઘેલીરે, નોમે નમેરા નાથ નમેરા ના થઈએરે, આ ગોકુળીયું મેલી મથુરાં ના જઈએરે, દશમે દીન રાત દેહી મારી દાજેરે, ઘેર નાવલીયો રીસાય તે ઘણું સાલેરે, એકાદશીના વરત મારે કરવાંરે, શ્રી જુમનાજીના ધ્યાનમારે ધરવારે દ્વાદશીના દરશન દેજોરે, મારા સામલીયા ભગવાન સનમુખ રેહેજ્યોરે. તેરશના તો તન અમારા દુટયારે. આહરીહ

રી કરતાં હોઠ અમારા સુકવારે, ચઉદશે તો ચતુર નર સુવારોરે;
ઘેર રાધા સરખી નાર શું રીસાયારે, પુનમે તો પંદર તથો
થઈ કહાવેરે, મને સેજલડીએ સુતાં નીંદ્રા નવ આવેરે,

પંદર તથો.

હરી હઠ મેલને રાધે, મેરી સંગ બોલને રાધે;
અબોલા બોલને રાધે ગુંગઠડા ખોલને રાધે;
કહ્યા મેરા માનને રાધે. ટેક.
પડવે મોરી સાહેલડી, પેઉજી વાડીએ જાય;
પેઉજી લાવે દાડમ. ગોરી છોલેને પેઉજી ખાય; હરી હઠ૦ ૧
બીજે મોરી સાહેલડી, બાળોજ ઉગ્યો ચંદ;
દાડમ કરે દંતડે ગોરી આશો માંડયો ફંદ; હરી હઠ૦ ૨
ત્રીજે મોરી સાહેલડી, તરીવાજ વારોવાર;
આશું ભુલી સુંદરી, ભુલી કંકુને કાજળ સાર; હરી હઠ૦ ૩
ચોથે ચમકતી મેં સુણી, જોબન બાળેવેશ;
ભરજોબનમાં એકલી, જેના પેઉજી ગયા પરદેશ, હરી હઠ૦ ૪
પાંચમે મોરી સાહેલડી, પંથ પલંગ કંથ દુર;
ભરજોબનમાં એકલી મારૂં જોબન જાય ભરપુર. હરી હઠ૦ ૫
છઠે મોરી સાહેલડી, છઠીજ વારોવાર.
પરદેશી રાજ પધારસે, આપણે બેશીશું હારોહાર; હરી હઠ૦ ૬
સાતમે મોરી સાહેલડી, સાતેજ કીધો સ્નેહ;
ચોમાસાની રત ચીકણી, ઝીણા ઝરમર વરસે મેહ. હરી હઠ ૦૭
આઠમે મોરી સાહેલડી, આઠેજ જોડા જોડ,
પરદેસી રાજ પધારશે, આપણે બેશીશું મોડામોડ; હરી હઠ ૮
નોમે મોરી સાહેલડી, નવલાંજ પેહેરં ચીર,
દીપક લઈ મેડે ચડું, મારે નઈણે વછુટયાં નીર, હરીહઠ૦ ૯

દશમે મોરી સાહેલડી, દશરા પુજવા જાય;
પુજા તે નર પામીયા. મારા રાયજાદા ભરથાર, હરી હઠ૦ ૧૦
અગીયારશે મોરી સાહેલડી, મેં કીધી સીવરાત;
પરોડીએ ઉઠી પારણાં કરૂં, મને કૃશ્ન જોયાની ઘણીખાંત
હરી હઠ મેલને રાધે ૧૧
બારશે મોરી સાહેલડી; બારજ બાંધા બંધ,
કસનારા નરકશી ગયા એતો કદીએ નછુટે બંધ, હરી હઠ૦ ૧૨
તેરશે મોરી સાહેલડી, વાદળ વાધો રંગ,
ઓસડની મુળી એકછે. મને ડશીયો ક્રશ્નભોરંગ, રીહઠ૦ ૧૩
ચઉદશે મોરી સાહેલડી, પાસા લીધા હાથ,
મેં જાણ્યુંજે પડશે પાધરા, એતો પડીયાછે બારેવાટ;રેહરી. ૧૪
પુનમે મોરી સાહેલડી, પુરીજ કરજો આશ,
મેં જાણ્યું જે હરી આવશે, હવે થઇ બેઠીછું નીરાશ, હરી. ૧૫

કજોડાનો ગરબો.

મારારે સ્વામી બોલોને વહાલા એ રાગ.

મારારે સ્વામી મારાથી છોટા, કહે સખી ક્યારે થશે મોટા.ટેક.
બાળપણામાં પરણીને હરખી, પરણો તોરણીથી પરખી.મા. ૧
કજોડાની કહાણી સુણી ડરતી, સમાઇ જાઉ માગ દે ધરતી.મા.૨
પતી પેહેરી પોતડી નવ જાણે, કહો એની પરણીશું સુખમાણે મા.૩
ચતુર હું ચઉદ તણી પુરી, ન્હાનો નાથ નવનો મરૂં જુરી. મા.૪
કકકો કાઢી જાણે નહી કદી, કાપે મારાં કાલજડાં ભેદી. મા૫
સહુ સખી સાન કરે સાલે, કજોડાની બારજા કહી બાજે;મા૬
સખી મારે કરમે કજોડું છે, તેથી આખા જગમાં વગોણું છે૭
કહે દુઃખ અંતર ક્યાં કહીએ, ક્યાં સુધી મઈયરમાં રહીએ. ૮

મા બાપોએ જોડું નવ જોયુ, જોબન મારૂં એળે તે ખોયુ; ૯
સેજે પાસુ મરડીને સુવે, અક્રુરે અંગે બોલાવુ રૂવે. મારારે. ૧૦
મળ્યો મને નાવલીઓ નાનો, રડે કેમ કરીને રાખુ છાનો;મા૧૧
આલી આજે કાળ મારે કરવો, સંકટ સમે દોષ તે નવ ગણવો.
મારી ભેટ આખરની જાણો, ભેટી લે તું પ્રેમ પ્રીયા આણી૧૩
જીવો ઝાઝા દીવસ તમે જગમાં, મારે હવે એનાં તો સ્વપનાં૧૪
અરજ આ તું આલી ઉર ધરજે,જાહેર સઉને મારૂ દુઃખકરજે૧૫
કુજોડાથી કષ્ટ ઘણાં રહેછે, કુજોડાની આંખે આંસુ વહેછે. ૧૬

અંબાજી માતાની સ્તુતિ.

શેઠ સગાળશા સાધુને શેવે, વાણીઓ પાળે વ્રત; એ રાગ.
બેડો બાઇ બુડતો તારોરે, અંબે આઇ પાર ઉતારોરે. ટેક.
આ ખેપો હું તો ઘણું કમાયો ભર્યો અનગળ માલ;
મધ્ય દરિયા વચ્ચે તોફાન લાગ્યુ, શારે થશે હેવાલ. બેડો૦ ૧
ખલાશીયાતો ખડખડ કરેછે, મોહા જુલમ મન માંય;
માલધણી વિમાશી રહ્યોછે, ડોલ્યું દરિયા માંય. બેડો૦ ૨
મધ્ય દરિયા વચ્ચે ડોલ્યું માતાજી, વહાણને નથી વિશ્રામ;
એક નામનો આશરો તમારો, કરો સેવકનાં કામ. બેડો૦ ૩
ઉચ્યુ જોઉં તો આભ માતાજી, નીચું જોઉતો નીર;
બાળાશક્તી મારી અરજ સાંભળજે, સાજાં રાખો શરીર. બેડો૦ ૪
કુવાથરાની લેહેરો લાગીને, મોજા તણી શી વાત;
અપશુકનની આ વેળા આવીછે, ધાઓ ધાઓ અંબે માત૦ ૫
હાથેથી હવે નેજા છુટયા, શઢ પણ ડંડા તોડ;
અંત સમાની આ વેળા થઈ હવે, મોરે ભાલેછે મોડ. બેડો૦ ૬

ડુંગરીએ તો દવ લગાડેલો, પુરણ કીધેલાં પાપ;
એક પહોરથી સ્તુતી કરૂં છું, આતોને આપો આપ. બેડો૦ ૭
અરધું વ્હાણ મેં અરપણ કીધું, સાક્ષિ ઉંચો આભ,
આ અવસર આરાસુરી આવો, નથી ખાવો મારે લાભ- ૮
જગત જનેતા સ્તુતી સુણી થયાં, વાઘ ઊપર અસ્વાર;
ઝાઝ ઊપર જઈ ત્રીસુળ ઝપાટયું; તારયું તે જળ મોઝાર. બેડો. ૯
વેહેપારીઓ તે અચરજ પામ્યા, આવ્યું મનમાં વ્હાલ;
કરજોડી રેવો ભગત ભણે છે, અરપી દીધો બધો માલ. બેડો. ૧૦

દાણ લીલા.

અલ્યા કાનજી તું કયારનો ઘેલો થયો જો, તું તો શેનું માગેછે દાણજો, મહીની મહુંકી ફુટસેજો; ગોરસની પાસે હાણજો, ઘેહે શું બોલે ગોવાળીયાજો. ૧ અલ્યા નવ જાણીસ કોઈ બાપડીજો કોઈ મળસે માથા કેરી નારજો; મારગ મુકીને રહેજે વેગળોજો મારં કંસને થાસે જાણજો; ગેહેલું૦ ૨ તારો કંસ કયુંથી ન રહ્યું કરેજો, મારા સંગે છે સઘળો સાથજો. અલી દહાડી તે દાણચો રી જતીજો, ઘણે દહાડે આવી હાથજો. ઓછીતું જાત આહીર નીજા; ૩ અલ્યા હાથની તે હોંશ હખે રાખતોજો, હવે ચારીના શેછે ગાયજો. પાલવ મુકીને રહે વેગળોજો; મારી વરજમાં થાશે જાણજો, ઘેહેલું. ૪ અલી વ્રજમાં વશીને વેર વાળશુંજો, રખે હું ખતી હયામાં હામજો, નંદજીના નામ પ્રતાપથીજો, હું તો છે તારા કંસનો ઠામજો, ઓછી. ૫ અલ્યા કંસે કરયું તે કેમ વીસરેજો, ભાઈ હણ્યા પોતાના ત્યાંયજો, નાશીને છુટો લાડકાજો. આવી ઊગરયોછે વ્રમાંયજો, ઘેહેલું. ૬ વળી વ્રજમાં વશીને વેરવાળ

શું જો, તુ તો જો જે અમારાં કામ જો; અવનીનો ભારઉતારવોજો
ધરયું નંદકુવર ગેર નાંમજો. ઓઢી૦ ૭ અલ્યા સાચુ કેહતાંમાં
દુખ લાગશે જો, પેટમાટે ચારો છો ગાયજો; તું આવડો મોટારે
એમાં થયોજો, તુને કોઈએ ન આપી કન્યાયજો. પેહેલું૦ ૮ અ-
લી આહીરની કન્યા અમો શું કરૂંજો, અમો સદાય કેહેવાય બ્ર
હ્મચારજો; રખે પડછાયો પાડતી જો, તુતો ધાબળીની ઓઢનારજો
ઓ૦ ૯ અલ્યા લાખ ટકાની મારી ધાબળીજો, હીરા જડીત્ર મા
રો છે હારજો; આછી પટોળી મારે પેરણેજો; તુતો કામળાનો ઓ
ઢનારજો.પે૦ ૧૦ જેનો બ્રહ્માએ તાણ્યો તણ્યોજો, એનો શંકરસ
રખો વણનારજો, તેરે ઓઢણુ મારે કામળીજો તેનો શેશ ન પ
મે પારજો, ઓ૦ ૧૧ અલ્યા શેશના સરખુ તંન તાહરૂં જો,
અમો ચંપક વરણી નારજો, અલ્યા કાયા કનકને ઘેર વસ્યુંજો,
તુંતો પશુ તણો પીંહારજો, પે૦ ૧૨ તું શાને નીસરી મહી વેચ
વાજો, અલી બેશી રેહેજે ઘરમાંયજો દોલત ઘણીછે તારા બાપને
જો, ઓ૦ ૧૩ આવે સદા વાટ મહી વેચતાંજો, જઈ પુછો જ
સોદા માંયજો; બાંધી મુઠી સવા લાખનીજો, ઉઘાડીએતો પત જા
જાયજો. પે૦ ૧૪ અલી ઘણી ઈછાછે મહી ચાખવાજો, મીઠી
મેળવણીનો સ્વાદજો, ફીકુ પડશે પાછું આપીશું જો, તુ શાને ક
રે વીવાદજો. ઓ૦ ૧૫ અલ્યા ગોરસ કેરૂં કોણ ગંજુજો, જેટ-
લું પીએ એટલું પાય જો, વચને વેર વાધ્યુ ઘણુંજો, કદી મન
મેળાવો થાયજો. પે૦ ૧૬ અમો દાણીને તું મહીયારજો, તુંતો
ઘણી દીસેછે રીસાળજો; હશીને તાળીલે હાથમાંજો, તું પ્રીત ધરી-
ને રસ આલજો. ઓ૦ ૧૭ અલ્યા માગ્યાં મુંગતાફળ પામીએજો
હઠ કરે કાંઇ નાહી એકજો, લાજ નહી તને લાકડાજો, મન આણ
ત કાંઈ વિવેકજો. પે૦ ૧૮ અલી વીવેક ઘણો છે મન માહરેજો,

જ્યા નહી દેઉ નીરધારજો; આપ્યા વિના કેમ છુટશોજો. તારા મ નસુ તું વીચારજો. એ૦ ૧૯ તારા મનનો વીચાર મેં જાણીયો જો, હઠ શાને કરોછો હાથજો; મનમાં મન મળી ગયુંજો, જેમ સાકર ભેળી દુધસાથજો. ૨૦ મીઠાં વચન તારાં માનુનીજો, સાકર સરખા બોલજો; પ્રીતનો બાંધ્યો તુજ પાસશુંજો. આપુતમો ને કોલજો. ઘે૦૨૧ રાઠ ભાગીને રસ વાધીયોજો, ગોવાળણી લાગ પાયજો; નંદજીના કુંવર કૃપાળનેજો. ઉલટ અંગે તે ન માયજો ઘે૦ ૨૨ જો કોઈ ગાય શીખેને સાંભળેજો, તે ફરી ન આવે ગ રભવાસજો; દાણલીલા દીનાનાથનીજો, ગુણ ગાય રતનીયો દાસજો.

પઠાણ બ્રાહ્મણીનો કીસ્સો.

સુંદર સુણો મેરી જાન, જીવડા કરૂં ખુરબાન.
મારૂં દીલ લાગ્યું પઠાણશું. ટેક.
પઠાણ દીલીનો દીવાન. અમદાવાદનો ઉમરાવ;
મારૂં દીલ લાગ્યું પઠાણશું. ૧
પહેલી હતી નાગર બ્રાહમણીરે. જમતી ફુળાંને ખાંડ;
હવેરે થઈ સુંદર તડકડી, જમુ પલાવને નાનરે. મારૂં દીલ ૨
સુંદર સુણો મેરી જાન, જીવડા કરૂં ખુરબાન;
ગોરી હોય નાદાન, વારી જાઉં મારૂં માન. મારૂં દીલ. ૩
પાંચ રૂપૈયા આપુ રોકડારે, કોઈ લશકરમાં જાય;
જઈને પઠાણને એમ કહે, સુંદર ધાન નવ ખાય. મારૂં દીલ. ૪
સોનીરે વાડામાં મારૂં સાસરૂં રે, નાગરવાડામાં રહીએ;
તેડાંરે આવ્યાં પઠાણનાં, એને ના કેમ કહીએ, મારૂં દીલ. ૫
કે લીલુડા વાંસની ટોપલીરે સુંદર દળવાને જાય;
દળતાં દળતાં માંડ્યાં રૂસણાંરે, લોટ કુતરાં ખાય. મારૂં દીલ ૬

હુંરે મોડાસાની બ્રાહ્મણીરે, તમે દીલીના શેખ;
આરે જન્મની મારે પ્રીતડી, પેલા ભવના તે લેખ. મારૂં૦૭
લીલા પીળારે તંબુ તાણીઆરે, ફરતી સોનેરી જુલ;
વચ્ચે બેઠીરે નાગર બ્રાહ્મણી, પરણ્યો ફાંકડો ધુળ. માંરૂં દીલ. ૮
દેરાણી જેઠાણીના જોડલારે, હળી મળી પાનીડા જાય.
પાળે ઉભોરે પઠાણ પાતળો, દેખી હૈયાંહરખાય, મારૂં દીલ ૯
હાથમાં લાલ કમાન લટકતીરે, તાણી મારેરે તીર.
બાલુડા વેગે ફેરીયા ફાટે, ના તાણશો મારાં ચીર, મારૂં દીલ ૧૦
શેરની વણું સતર રોટલીરે, પઠાણ પાતળીયો ખાય;
ભેળારે બેશી આરોગશું, મનમાં હરખ ન માય મારૂં દીલ ૧૧
આગળરે સસરાજીનો ઘોડલોરે, લારે દીયર જેઠ;
વચ્ચે પરણ્યા તારી ડાહડી, લેઈ જાઊં સમુદ્ર બેટ મારૂં દીલ, ૧૨
અગર ચંદનના મગાવુ લાકડાંરે, છેની ખડકાવું ચેહ
મુજરે કારણ તમે મરશો બળશું આપણ બે. મારૂં દીલ ૧૩

કજોડા વાળી સ્ત્રીના વીલાસ વીશે. ગરબી.

(અલબેલી અંબે માત ચાલો જોવા જઈએ. એ રાગ'

બળ્યો બળ્યોરે આ અવતાર, દુખ મુજને આજ્યું;
મારો સ્વામીછે નાનો બાળ, નીત્ય દેખી દાજ્યું ટેક.
નવ વરસનો નાવછે મારો, હુંછું જોબન વેશરે,
શોળ વરશની ઊમર મારી, તેથી થાય કલેશ દુખ. ૧
પાપી પીતાને શું હવે જાત્યું, કાંઈ ન રાખ્યું ભાનરે,
કુલીન ઘરનો વર જોઈ મને દીધું કન્યાદાન; દુખ, ૨
બાળપણામાં ઝેરથી મુજને, મારી હોતતો સારૂં રે
આવસર નહીરેબળતે આવું, કુણુ કલેજુ મારૂં દુખ ૩

બાળક અણુસમજુ પતિ મારો, દેખી દીલ બહુ દાઝે
દુખ રૂદેનુ કેહેતાં આજે, મન મારૂં બહુ લાજે દુખ. ૪
પોહોર દીવસ ચડે પોહોડી ઊઠે, દાતણ પાણી ન કરતોરે;
રોતો રોતો મા પાસે જઇ, પેટ પોતાનુ બરતો; દુખ ૫
ખાતો ખાતો પેસાબ કરતો, મા તેની કકળતીરે;
ભાન શરીરનું લેશ નહીતેને, તેથી હું નીત્યબળતી, દુખ ૬
આ કરતાં પીયુ હોત નહીતો, માનત મનથી સારૂંરે:
દેખીને દાઝેછે આજે, કુણું કલેજુ મારૂંરે દુખ, ૭
અધુરામાં પુરો મુજને કામ ઘણું દુખ દેછેરે;
જાર કરમ કરવાથી મુજને, બીક ઘણી મન રેહેછે, દુખ ૮
સમજણો કદી હોત પીયુતો, લોકમાં નવની દાયરે;
પર પુરૂશનો ગરભ રહેતો, મારી ફજેતી થાય; દુખ ૯
શોખીલા નર જોયને મારૂં મન ઘણું અકળાયરે;
કામ દેવના તાપે કરી. મારૂં શરીર નીત્ય સુકાય. દુખ૧૦
મેશ રાશી કહેછે મુખથી, કોઇ કજોડુ ન જોશોરે,
દુખ પુત્રીનું દેખી અંતે, પોક મુકીને રોશોરે; દુખ ૧૧

ગરબી.

સુણ ચતુરસુજાણ પરનારીની પ્રીત કણુના કીજીએ.

જેને પ્રીત કરી પરનાર તણી, તેને હઇડે રૂઘણ થાય ઘણી
એણે કુળની લજ્યા કાંઇ નારે ગણી, સુણ૦ ૧
તમે પેહેલા મળશો દુતીને, તારૂ સરવસ લેશે ધુતીને;
પછી રહેશો અંગે ભભુતીને. સુણ૦ ૨
તમે બેઠા મુછો મરડીને, તારૂ કાળજુ ખાશે કરડીને;
નહીં મુકે માસ આંતરડીને. સુણ૦ ૩
તને પ્રેમના પ્યાલા પાઇને. તરૂં સરવે લેશે વાઇને;

તને કરશે ખોખું ખાઈને.
પ્રીતમના સ્વામી છો પધારો. તમને ગોપીયો કરે કાલાવાલા;
તમે દરશન દોની મોરલીવાળા. સુણ. ૫

બાળાની ગરબીઓ.

બાઈઆળી ગાળો કાન માળા ચોરીરે, ટેક.
જ્યારે પુછશે સાસુ પેર સહીયર મોરીરે.
જે ઊઠીને છેડલો સાહતો વીપરીત ભાસે આજરે;
માણસને શું મોડે કહીએ, નીરલજ્જને શી લાજ. માળા ચોરીરે.
ગોળ પોતાનો ચોરી ખાઇયે, રહીએ સંકટ વાળીરે;
સ્વારથે મુજ સાસું જુવે, વરણાગીયો વનમાળી માળા. ૧
સાસુ મારી છે અતી સાપણ નણદલ નારી હગારીરે;
ફુલ પેહેલાં ચોસર ગુથે, કેડ ન મેલે મારી. માળા. ૨
પરણ્યો અમારી પેર ન જાણે, નહી રહયાનો ઠામરે;
રામ કૃસ્ન પ્રભુ રંગનો રશીયો, ચરણે રાખશે સ્યામ. મા. ૩

ગરબી.

મારી સાસુરે પુછશે વાત, માળા કયાં ગઈ રે,
વહુ કાલની તારે કંઠ મેં દીઠી નહી રે;
લાડકડીરે વહુ માળા તમારી મેં કાંહાંનની કંઠે દીઠીરે;
આવડી કાંહી તને કેમ કરી વાહી વાત કહેછે મીઠી માળા. ૧
શામાટે તુંજને આપસુંછે ને, શો કીધો ઉધારોરે
શા માટે મારા મંદીરે પધારે મોહન કામન ગાળો. માળા ૨
નાના ચંચળ ચડે તે વેશે નરનો સંગ ન છાજેરે;
હરી સંગાથે હસતા દેખી હઈડાં મારાં દાઝે- માળા, ૩
હાણુ થયાનુ દુખ નથી પણ હરી પધેતે સાહુરે;

રામકૃસ્ન પ્રભુ રંગનો રશીયો કહીએ ન છુટે માથુ. મા. ૪

ગરબી

મારી બાઈજી છે મનમાન, સમ હું ખાઈશરે;
મારી નણંદલને નહી ગમેતો, મહીયર જાઈશરે. ટેક,
બાઈજી બુધ વિના મે માળા, ટોડલીએ ભરાવીરે.
ઘેલી થઈ ઘર કામજ લાગ્યું, વળતી વિગત ન આવી. શ.૧
શું સમળી આકાશેથી આવી, ગગને ઘેર લઈ ચાલીરે;
બંદ્રાવનમાં ગઉ ચરાવતાં; ગોવિંદને હાથ લાધી. સમ. ૨
અમે વહુવારૂ નાનાં માટે, બોલતાં મુખ બીજેરે;
મોહનનું મુખ મીઠું કરાવી, માળા માગી લીજે. સમ. ૩
પેરે પેરે પુછી જોજોને, બોલ્યું ન પડે બહારરે;
રામકૃસ્ન પ્રભુ રંગનો રશીયો, સઉની લે સંભાળ. સમ. ૪

ગરબી.

તારે નણદલ બોલી વાત સમ શા ખશોરે,
જ્યારે આવશે મારો ભ્રાત શાચા થાસોરે.
કહેવાદે મારા ભાઇને એને કાનુડો બહુ વહાલોરે;
મોહનને કાજે રૂડા દીસોછો માળા અમારી ઘાલો. સમ. ૧
કેદાડાનું કારણ ફુલ તે ક્યાંસ આવી વીસારીરે;
તે મે કહાનને કાને દીઠુ સાખ્યછે સહીયર મારી. સમ. ૨
હરીને નીત્યે પ્રીતે નિરખ્યા વના વહુને અન્ન ન ભાવેરે;
શામળીયો શામેલો થઈને વહુજી માટે આવે. સમ. ૩
વહુને અતી ઘણો વહાલોછે શામળીયો શામ વરણુરે;
રામકૃસ્ન પ્રભુ રંગનો રશીઓ મથુરાનો ભગવાન. સમ. ૪

ગરબીઓ.

મારા મન ગમતા મહારાજ મારે ઘેર આવોરે,
હુંતો તલસું તમારે કાજ હશીને બોલાવોરે;
વીલંબ ન કરશો વીઠલારે, આવો અમ ઘેર આજ.
પેર પેરનાં પકવાન પડાવું, ત્રીકમ તારે કાજ. મારે. ૧
મનમાં હતું જે માવજીરે, મુખથી કેમ કેહેવાય;
આવી શકોતો આવજોરે, મારૂ જોતામાં જોબન જાય. મા.૨
આ જોને આંગણીએ ઉભા, રંગીલા રણછોડ;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, પુરો મારા મનડાના કોડ.૩

ગરબી.

જેનો પેઉડો તે પરઘેર જાય, સખી શું કરીએરે;
અમથી એકલડાં ના રેહેવાય, વીજોગે મરીએરે. ટેક.
રૂપ જોવંતો રશીયો રૂડો, પરાણે કરે છે પ્રીત;
અણ તેડયો આંગણીએ આવે, એવી તે એની રીત. સ૦ ૧
બોલાવ્યો બોલે નહીંરે, કેને કહીએ પેર;
શેરડીએ સામો ગળેરે; વ્હાલો નીચાં તે ઢાળે નેણ. સ૦ ૨
છળભેદમાં છાનો રમેરે અમને વાવદે વાય;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી. વહાલા અથે પડે ઓળખાય.સ.૩

ગરબી.

જાવ જુઠડા બોલા કાહન, જાણીજી જાણ્યારે;
એવા ધુતારાના ઢંગ પરદેર માણ્યારે; ટેક.
વાટ જોતા રજની વીતી, આવ્યા ઉગમતે સુર;
કામણગાળા કાહનજીરે, વાલે અમને વીસારયાં છે દુર. જાવ.૧
પરનારી શું પ્રીતડીરે, કીધી ઠામો ઠામ;
અહી આવીને શું કરેરે જેનો ઘેર ગેર હોય વીશરામ. જાવ-

કોઈ મંદીરમાં કાનજીરે, કીધી લીલા લેહેર;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, મેતો જાણી તમારી પેર,
જાઓજી જાણ્યારે. ૩

ગરબી.

મને કૃષ્ણ જોયાના કોડ, સઇયર ચાલોને;
ઉમીયાજીને લાગુ પાય હરીવર આલોને. ટેક.
દેરે દેરે દીવા કરૂરે, પુજું શંકર દેવ,
સામળીયોવર પામવારે, હુતો કરૂં શંભુની સેવ. સ૦ ૧
ગોવાળની ગોવાલણીરે, હીંડે મલપની ચાલ;
એના ઊપર મોહન મોહી રહયોરે;
એનુ મુખડું છે લાલ ગુલાલ. સ૦ ૨
સાસુ મારી જશોમતીરે, સસરો શ્રી નંદલાલ
કંથ કોહાનજીરે, મારૂ સાસારૂં ગોકુળ ગામ. સ. ૩
કાળંદ્રીને કાંઠડેરે, નાતા નીરમળ નીર;
વસ્ત્ર વીઠલો હરી ગયોરે, હુતો શેણે ઢાંકું શરીર.
ગાય શીખેને સાંભળેરે, રાણી રાધાજીનો રાસ;
નરનારી વંઇકુંઠ પામસેરે, ગાય નરસઇયો દાસ. સ. ૫

ગરબી.

તારી મોરલીએ મહારાજ મન હરી લીધાંરે;
મારી ગઈછે શુદ્ધને શાન કામણ કીધાંરે. ટેક,
સાંભળતામાં શુદ્ધબુદ્ધ ભુલી, ને તન મન વ્યાકુળ થાય;
સુરપતી પરવાર સઉકો, મને મંદીર ખાવા ધાય. મ૦ ૧
અંતરમાં વ્યાકુળ થાયરે, વીસરી ભોજન પાન;
અવળાં આભુષણ પેહેરીયાંરે; મેતો નેપુર ઘાલ્યાં કાન. મ.૨
સેંથે તે કાજળ સારીયાંરે, નયણે સીંદુર રેખ;

એક એકથી ઉતાવળીરે, નીસરી આવી તે દેખાદેખ, મ૦૪
સનમુખ આવી ઊભા રહયારે, નયણે નીરખ્યા નાથ.
લક્ષ્મણના સ્વામી સંગે રમતાં, મેંતો હરખે જોડયા હાથમ૦૫

ગરબી.

ત્યારે બોલ્યા હળધર વીર અહીં શીદ આવીરે,
તારે કોને દીધોતો સાદ બુદ્ધી ગમાવીરે. ટેક
આની વેળા અરધી રાતે કોને શું છે કાજ,
નીરલજ થઈને નીસર્યારે. તમે ખોઈ કુળની લાજ. અહી ૧
દેવ તણી મરજાદા લોપીને, ન ગણ્યો સઊ સંસાર;
પણ ખોયું પતીવ્રતા તણુંરે, તુંતો તજીરે ભરથાર. અહી. ૨
હું જાણુંછું વન જવાને, આવ્યા સઉ નીરધાર.
બનશીરે બટની કુસુમ કળીપર ભમરો કરેરે ગુંજાર. અહી. ૩
વન જોયુંને ઘેર પધારો, સ્વામી તમારી આશ
લક્ષમણના સ્વામીના વચન સુણીને, ગોપી થયાંરે નીરાશ. ૪

ગરબી.

તારે બોલ્યાં ગોપીજન હવે કયાંહા જઈએરે,
તમે સારો અનારી આશ એમ ન કરીએરે,
માત પીતાનું કહયું નમાન્યુ, ન ગણ્યો ઘેર ભરથાર,
તમો વિના અમને કાંઈ નવગમે, સુનો લાગે સઊ સંસાર. ૧
રમણ કરોને મારી સાથે રહુ વંદ્રાવન;
ના કહેશો તો નીસ્ચેરે પડશે, તમ આગળ અમારૂં તન હવે ૨
આશ ભર્યા અમે આવીયારે રમવાને તમો સાથ;
તેડીને તરછોડીયારે, તેતો ન ઘટે તમને નાથ, હવે. ૩
અંતર ીત જોઇ અલબેલાને હશીને બીડી બાથ,
લક્ષમણના સ્વામીએ રાસ રમાડયો સરદ પુનમની રાત હવે૪

ગરબી.

શ્રી વંદ્રાવન મોઝાર, રાસ મચી માહાલેરે;
સઉ કનક મણીના થોભ ઠમકે ચાલેરે; ટેક
ઘુઘરી ઘમકે ને નેપુર ઠમકે ઝાંઝરનો ઝમકાર;
કંઠે પરસ્પર બાવડીરે, થેઈ થેઇ કરે સઉ નાર, રાશ ૧
આલીંગન ઉપર લ્યો ચુંબન આનંદ ઓછ્વ થાય;
સામળીયાશુ રંગે રમતાં ઊલટ અંગ ન માય રાશ. ૨
વીઠલને વશ કરવાને કાજે, હળવે કરતી આળ,
નેણ કટાક્ષ નેણ જોતી, ગોપી લેતી પરસ્પર તાળ. રાશ ૩
સુધ ન રહી શરીરની, ને રજની કીધી ખટમાસ,
લક્ષમણના સ્વામી સંગે રમતાં,
ગોપી કરતી હાસ વિલાસ, રાસ મચી માહાલેરે; ૪

ગરબીયો.

સખી સંધ્યાએ અમો સાચરારે, જમુનાની તીરે. હા૦
દુરલભ દરશન દીજીએ વાલા સ્યામ શરીરે. હા૦ ૧
ગોવાળીયાંની વ્રજમાં હરી રમતા દીઠા. હા૦
ગતે ગઇને ગભરાઇ પડી અતી લાગો મીઠા. હા૦ ૨
સઉ સખી ટોળે મળી મારી ગતમટ ખોઇ; હા૦
શ્રી વલભ પ્રભુ પાતળા મારગસર મળતાં. હા૦ ૩

ગરબી.

સખી સંધ્યાએ પાણી સાંચર્યાં, જમુનાં જળ ભરવા; હા૦
વાટે મળયા વરણાગીયા મારા દુખડા હરવા. ૧
મે પુછ્યું મન ભાવતુ છબીલા વારૂં હા૦
સારા છીએ અમે સુંદરી આશીશ તમારૂં. ૨

ફ્રોધ દિન ગેર આવો નહી જાતાંને વળતાં; હાં૦
શ્રી વલભ પ્રભુ પાતળા મારગસર મળતાં. હાં૦ ૩
ભલા તે રેહેજો કાહાનજી. જુમનાને આરે; હાં૦

ગરબી.

જળ ભરવા અમે આવશું વારેને વારે. હાં૦ ૧
ચૌદશ ઘેન ચરાવજો અમે નીર ભરીશું; હાં૦
આંખ પાંખના નેણુમાં અમે પુરણ કરીશું. હાં૦ ૨
હરી મુજને વહાલા ધણુારે હું હરીને વહાલી; હાં૦
શ્રી વલભ પ્રભુ પાતળા ઘેર આવો ચાલી. હાં૦ ૩

ગરબી

મરકલડા કરે માનની કાંઈ વાયક ભાસે;
રાધાજી તે મચકે ચાલીયાંરે ઘણો રંગ રાચે. હાં૦ ૧
સામગ્રી સરવે જોઈ કરી થઈ લાલચ ઘેલી; હાં૦
શાક પાક સુંદર સુદર કરીને થાળ આગળ મેલી. હાં૦૨
જમવાની શી જુગત બની શીર વેણી છુટી;
ધાઈને આવ્યા કાનજીરે હુંતો સમતાં ઊઠી.
લાખેણાની ચાલનો લાખેણો લટકો,
શ્રી વલભ પ્રભુ પાતળા મારા ચીતમાં અટકો. હાં૦૪

ગરબી.

હાંરે ચાલો ડાકોરમાં જઈ વશીએ,
હાંરે મને લેહે લગાડી રંગરશીએરે, ચાલો ડાકોરમાં. ૧
હાંરે પ્રભાતને પોહોર નોબત વાજે,
હાંરે અમે દરશન કરવા જઈએરે. ચાલો ડાકોરમાં. ૨
હાંરે લટપટી પાઘ કેસરીયા વાઘા,
હાંરે કાને કુંડળ સોહ્યરે. ચાલો ડાકોરમાં. ૩
હાંરે પીળાં પીતામ્બર જરકશી જામા;

હારે મોતીની માળા સોઈએરે. ચાલો ડાકોરમાં ૪
હાંરે ચંદ્રબદન અણીઆળી આંખ્યો;
હાંરે સુંદર મુખડું સોઈએરે. ચાલો ડાકોરમાં ૫
હાંરે રૂમઝુમ રૂમઝુમ નેપુર વાજે;
હાંરે મન મોહ્યું મોરલીએરીરે. ચાલો ડાકોરમાં. ૬
હાંરે મીરાંબાઈ કહે પ્રભુ ગીરધર નાગર,
હાંરે અંગોઅંગ જઈ મળીએરે. ચાલો ડાકોરમાં. ૭

ગરબી.

હાંરે લટકાળો ગીરીવરધારી;
હાંરે મને મારી નેન કટારીરે, લટકાળો ગીરીવરધારી, ટેક.
હાંરે આજ મળ્યા વાલો જમુનાની તીરે,
હાંરે એની રૂપ રસીક છબી ન્યારીરે. લટકાળો. ૨
હાંરે સામળીએ કહયું સાનમાંરે;
હાંરે મારા પ્રાણ થકી ઘણી પ્યારીરે, લટકાળો, ૩
હાંરે હરીભટના હરીએ કરયુંરે કામણ;
હાંરે મારી સુદ્ધબુદ્ધ સરવે વીસારીરે. લટકાળો. ૪

ગરબી.

હાંરે મારા સમ કાલે મળજો;
હાંરે પેલું વચન બોલ્યા તે હરી પળજોરે; મારા. ૧
હાંરે રસ્તે આળ ન કરીએરે વાહાલા;
હાંરે મારી સાચી વાત સાંભળજોરે. મારા. ૨
હાંરે ઘણી ઘણી પ્રીત કરયા પછી ગીરધર;
હાંરે પેલા લોકે ડરાવ્યા નવ ડરજોરે, મારા. ૩
હાંરે હરીભટના હરી છો કાચા;
હાંરે તે માટે પાછા વળજોરે. મારા. ૪

ગરબી.

હાંરે ચાલો ચાલો ચતુર કાંઈ લાજો;
હાંરે તમે આવી અમને શું બાજોરે. ચાલો. ૧
હાંરે વળગ્યાજુમી ન કરો વાહાલા;
હાંરે તમે સોર કરો શીદ ઝાઝોરે, ચાલો. ૨
હાંરે દેખે દુરીજન થાઓ સમજણા;
હાંરે અમે લાજીએ ને તમે ગાજોરે. ચાલો ૩
હાંરે હરીભટના હરીને કરીએ દુંકારા,
હાંરે માટે હેત ઘણેરા અમને દાઝેરે. ચાલો. ૪

ગરબી.

હાંરે જુમનાનીતીરે વહાલો; હાંરે જીવણને જોવા ચાલોરે, જુ. ૧
હાંરે જુમનાકી નીરે તીરે વલો ધેન ચરાવે;
હાંરે મોરલી બજાવે નંદલાલોરે. જુમનાની. ૨
હાંરે ઘણે દહાડે ઘેર આવ્યા નહીરે જવા દેશું;
હાંરે માટે મનખા દેહનો લાહાવોરે, જુમનાની. ૩
હાંરે ભરીભટના હરીછો રંગરસીયા;
હાંરે માટે ઘેરીને ઘરમાં ઘાલોરે. જુમનાની, ૪

ગરબી.

કેહેવા દેને કાહાન, તારી માને કેહેવા દેને કહાન;
વાહાણાનો લડવાડ લડેછે, રવી ઊગમતે ભાણુ. તારી. ૧
ખીલડાવો તે બીજી નારી, ખરું લોહોકુંને આરસપાણુ.તા. ૨
વંદ્રાવનની કુંજગલીમાં હલકું પીપળીયાનું પાન. તારી. ૩
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર, વળ્યાં અમારાં વાન તા,૪

ગરબી.

કાહાન માગ્યો દો, જસોદાજી કાહાન માગ્યો દો. ટેક.
આજની રજની રંગભેર રમતાં, પરભાતે પાછો લ્યો. જ. ૧
કલ્લાને કાંબી અણુવટ બીછવા, હાર હઇયાનો લ્યો. જ. ૨
હસ્તીને ઘોડા માલ ખજાના, વેહેલ સણુતી લ્યો. જ. ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણુ ચરણુકમળ ચીતલ્યો. ૪

ગરબી.

લીધુંરે લટકે, મારૂં મન લીધુંરે લટકે. ટેક.
વંદ્રાતે વનમાં વેણુ વગાડે, વાંસ તણે કટકે. મા૦ ૧
ગાતાં ભંગ કર્યો ગીરધારી, અમને માર્યાંછે ઝટકે. મા૦ ૨
પાટ પીતાંબર હરીએ પેહેરયાં મોહી હુંતા પીળુડે પટકે. ૩
મીરાબાઈ કહે પ્રભુ ગીરધરનાગુણ, ચરણુકમળ ચીતઅટકે ૪

ગરૂબી.

મહી ઢળસે મારૂં મોહનલાલ, મહી ઢળશે મારૂં. ટેક
લાખ બે લાખનું માટ નંદાશે, શોભીતું સારૂં. મો૦ ૧
તમે વનમાળી ન કરો આળી, અમે વહુવારૂં, મો૦ ૨
ફુલ પડે તેની ચોરસ ગુથે, લોક બોલે ન્યારૂં. મો૦ ૩
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણુ, ચરણુકમળવારૂં મો૦ ૪

સામળીયા લાલ સાસુડી સંતાપે, કહો કેમ કીજીએ;
ક્યાં જઇએ હરી, ઘરમાં બેશી રહીએ તો રાંડ ખીજશે. ટેક
મારી સાસુ સંખણીછે એવી, નણુદલને નાતરે દેઉ પેહેલી;
તેતો વાત નથી કેહેવા જેવી. સામળી. ૧
મારો સસરો સાધુ જન ઘણો, મને આદરોછે તેનાજ તણો;
મારો જેઠ ઝાંપડો ભુખી વનો. શામળી. ૨

જાણે સુડી વચ્ચે સોપારી, હું તો અનાથની છું તમારી;
શામળી ૪
૫૬ ગાશે વઈશ્નવ વીચારી.

ઓ જસોદાજી આવડો લાડકવાયો લાલ ન કીજીએ;
ચાલો ત્યાંસુધી સુતનાં પ્રેમ ચરિત્ર દેખાડી દિજીએ. ટેક.
વાલે કઉતક કીધું મંદીરમાં એણે માંખણ પેંડા લીધો કરમાં.
એણે માંકડલાં ઘાલ્યા ઘરમાં ઓ જસોદાજી. ૧
વાલો સંતાડયાં શોધી કાઢે, હોય ઊંચા પણ હેઠા પાડે;
એતો ખાય ખવરાવેને વનસાડે. ઓ જસોદાજી. ૨
વાલો સુતા બાળકનાં અંગ મોડે, મારા બાધ્યાં વાછરૂ છોડીમેલે,
દધી ગોરસ દુર થકી ફોડે, ઓ જશોદાજી. ૩
દયા પ્રીતમનાં સ્વામીના રશીયા, દધી ગોરસપર આવે ધશીયા,
ધન્ય ભાગ્ય અમારૂં બીજમાં વશીયા, ઓ જસોદાજી. ૪

સમાપ્ત.




जाहेर खबर.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે આ છાપખાનામાં છાપવાનું કામ ઘણું સારૂ અને કીફાયતથી છાપી આપવામાં આવે છે. ગુજરાતી તથા અંગરેજી તથા બાળબોધી જેઓને ચોપડીઓ અને ફારમો છપાવવાના હોય તેઓએ અમારે અહી મોકલવા.

શા० કીલાભાઇ દલપતરામ સહી.

(અમદાવાદ સમાચાર છાપખાનું.)



जाहेर खबर.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે આ છાપખાનામાં છાપવાનું કામ ઘણું સારૂ અને કીફાયતથી છાપી આપવામાં આવે છે. ગુજરાતી તથા અંગરેજીતથા બાળબોધી જેઓને ચોપડીઓ અને ફારમો છપાવવાના હોય તેઓએ અમારે અહી મોકલવા.

શા૦ કીલાભાઇ દલપતરામ સહી.

(અમદાવાદ સમાચાર છાપખાનું)

